ફેબ્રુઆરી, ૨૦૧૮
અંક ૦૨

સાયન્સ ટૉક

ખજાનો

ગમ્મત સાથે જ્ઞાન પીરસતું મેગેઝીન



નોલેજ સ્ટેશન
ખોવાયેલાં ખજાનાઓ
ભાગ ૦૨



ફેશન ફંડા
ઋતુ અને રંગ



ધરતીની અજાયબી
લદ્દાખ



YouTube GO
નો પરિચય

+ વિટી
ઋણાનુબંધ

અડધા કરોડથી વધુ યહૂદીઓનો હોલસેલમાં
સફાયો કરવાનો નાઝી પ્લાન: ધ ફાઇનલ સોલ્યુશન



હોલિવુડની સર્વશ્રેષ્ઠ ફિલ્મોની સફર
ભાગ-૦૨

VISIT…

LANZAROTE Caliente.COM

ખજાનો

ખજાનો મેગેઝીન

મેનેજિંગ ડિરેકટર: જયદીપ ગોસ્વામી

એડિટર્સ: પરમ દેસાઈ, પ્રતીક ગોસ્વામી

લે-આઉટ્સ અને ડિઝાઇન: પ્રતીક ગોસ્વામી

ડિજિટલ રાઇટ્સ:

www.joblessyuva.com

ગમ્મત ગુલાલ-Gammat gulal

Jobless Yuva

All rights reserved to www.joblessyuva.com

અંક: ૦૨. ફેબ્રુઆરી, ૨૦૧૮

ફ્રી આવૃત્તિ

❖ તંત્રીની કલમે...

સૌપ્રથમ તો 'ખજાનો'ના દરેક વાચકોને અને જેમણે 'ખજાના'ના આ પ્રયાસને બિરદાવ્યો છે એ દરેકને 'અંગ્રેજી' નૂતન વર્ષની શુભેચ્છાઓ ! અહીં અંગ્રેજી ઉપર ખાસ એટલા માટે ભાર મૂકવો રહ્યો કે આજ-કાલ કરતા છેલ્લા અમુક વર્ષોથી આપણે ત્યાં અંગ્રેજીનું પ્રમાણ સદંતર વધતું ચાલ્યું છે. પછી એ બાળકને ઇંગ્લિશ મિડિયમની સ્કૂલમાં દાખલ કરાવવાની વાત હોય, માતૃભાષા ભૂલી જઈને અંગ્રેજી બોલવાની ટેવની વાત હોય, હર વખતે અંગ્રેજીને જ ગુજરાતી કરતાં મોખરે સ્થાન આપવાની વાત હોય કે પછી મિત્રો સામે પોપટની જેમ અંગ્રેજી બોલીને રોફ જમાવવાની વાત હોય.

આ લખ્યું એનો હેતુ એવો બિલકુલ નથી, કે આપણે અંગ્રેજીને સંપૂર્ણપણે ત્યજી દેવું જોઈએ. અંગ્રેજી એટલું જ જરૂરી છે જેટલું ગુજરાતી જરૂરી છે. બંનેનું પ્રમાણ એકદમ સરખું હોવું જોઈએ. અંગ્રેજી ભાષા પણ ગૌરવશાળી ભાષા છે. પરંતુ એનો અતિરેક આપણને શોભતો નથી. મારા સંપર્કમાં આવેલા ઘણાં લોકો, મારા મિત્રો સહીત, ગુજરાતી વાંચન દિવસે ને દિવસે ઓછું કરતા જાય છે ને અંગ્રેજી તરફ ખેંચાયા છે. અને ખેંચાય એમાં કોઈ નવાઈ નથી, કેમ કે અંગ્રેજીમાં બહેતર સાહિત્ય રચાયું છે. પણ એનો અર્થ એવો તો નહિ જ કે ગુજરાતી સાહિત્ય પાંગળું છે. ગુજરાતી ભાષામાં પણ ચઢિયાતી કૃતિઓ બની છે અને બને પણ છે.

આ વિષય ચર્ચાનો કહેવાય એટલે બહુ સમય ન લેતાં એટલું જ કહેવાનું કે અંગ્રેજી ખાતર ગુજરાતી ભાષાને ત્યજી ન દેશો. બંનેનું સમાન મહત્વ રાખો. આપણી માતૃભાષા આપણું ગૌરવ છે. આપણું સ્વમાન છે. એને હંમેશા હ્રદયમાં વસાવશો તો એ એના પ્રત્યેનું એક ઋણ અદા કર્યું કહેવાશે.

છેલ્લે, 'ખજાનો'નો બીજો અંક તમારા હાથમાં છે. ફરી પાછા ઉપડી પડો મનોરંજક સફર ખેડવા ! પ્રથમ અંક માટે 'ખજાના'ને ઘણાં-બધાં પોઝીટિવ અભિપ્રાયો મળ્યા છે એ જોઈને સંતોષ થયો છે. આશા છે કે આ બીજા અંક માટે પણ એવા જ અભિપ્રાયો મળશે.

-- પરમ દેસાઈ (ફેબ્રુઆરી, ૨૦૧૮)

અનુક્રમણિકા

• પરમ દેસાઈ

નૉલેજ સ્ટેશન



બ્રિફિંગ

ગયા અંકમાં આપણે કેટલાક છૂપા ખજાનાઓ વિશે જાણ્યું. અલબત્ત, આવા જેકપોટ કંઈ બે-પાંચ થોડી હોય ! આ અંકમાં વાંચો એવા જ કેટલાક વધુ અલીબાબાના ખજાનાઓ વિશે, આશ્ચર્ય પામવાની તૈયારી સાથે !!

ગતાંકથી શરુ થયેલી આપણી ‘વિશ્વના અમૂલ્ય ખજાનાઓ’ની ગોષ્ઠી કેવી લાગી ? મજા આવી ને ? તો પછી હવે ફરીથી તૈયાર થઈ જાઓ એવા જ બીજા કેટલાક ખજાનાઓ વિશે જાણવા માટે.

કિંગ જ્હોનનું, ત્રણ થિયરી ધરાવતું વર્ષો જૂનું ખોવાયેલું ઝવેરાત, ફોરેસ્ટ ફેન્ન ભાઈનો ‘આંખ આડા કાન’ જેવો છૂપો ખજાનો અને રશિયન બોલ્શેવિક ક્રાંતિ દરમિયાન ગૂમ થયેલાં સુશોભિત ઈંડાંરૂપી ખજાના વિશે રૂબરૂ થયા પછી હવે જાણીએ બીજા કેટલાક ખજાનાઓ વિશે, જે હજુ પણ વણશોધ્યા રહ્યા છે.

૪. ફ્લોર-ડે-લા-માર વહાણનો ખજાનો

પોર્તુગાલના પાટનગર અને મોટા શહેરોમાંના એક એવા લિસ્બન શહેરમાં ૧૫૦૨માં તૈયાર થયેલું ૪૦૦ ટનનું વહાણ ‘ફ્લોર-ડે-લા-માર/Flor De La Mar’ એના ભવ્ય ભૂતકાળમાં મસમોટા ખજાનાની કથા ધરબીને આજે સમુદ્રને તળિયે બેઠું છે. કેવો હતો ફ્લોર-ડે-લા-મારનો ભૂતકાળ અને શું છે એના ખજાના પાછળની વાયકારૂપ કથા, ચાલો જાણીએ.

૧૫મી સદીમાં પોર્તુગાલ અને ભારત વચ્ચેના વેપારર્થે લિસ્બન શિપયાર્ડ દ્વારા બનાવવામાં આવેલું ફ્લોર-ડે-લા-માર એ જમાનામાં શ્રેષ્ઠ જહાજોમાંનું એક ગણાતું હતું. પોર્તુગીઝ ભાષામાં ફ્લોર-ડે-લા-મારનો અર્થ ‘સમુદ્રનું ફૂલ’ એટલે કે Flower of the Sea થાય છે. અને હકીકતે એ સમુદ્ર પર તરતા ફૂલ જેવું જ સુંદર ને નમણું હતું.

૧૫૦૨માં તૈયાર થયા પછી તરત જ તેણે તેનો પહેલો પ્રવાસ પોર્તુગાલથી ભારતનો ખેડ્યો. વાસ્કો-દા-ગામાના પિત્રાઈ ભાઈ એસ્તેવાઓ-દા-ગામાની સરદારી હેઠળ ફ્લોર-ડે-લા-માર ભારત પહોચ્યું હતું. ભારતના તેજાના અને મરીમસાલા ભરીને ૧૫૦3માં પોર્તુગાલ પરત ફર્યું.

માત્ર આવી રીતે માલસામાનની ફેરીઓ કરવા ઉપરાંત તે પોર્તુગીઝો દ્વારા કરવામાં આવેલી ઘણીખરી ચઢાઈઓમાં પણ સહભાગી બન્યું હતું. જેમ,કે ૧૫૦૭માં પોર્તુગીઝોના પર્શિયા ગલ્ફનાં રાજ્ય ‘ઓર્મઝ’ પરનાં વિજય વખતે, એ જ વર્ષે થયેલા ગુજરાતના દીઉ/Diu ખાતેના યુદ્ધમાં, ૧૫૧૦માં ગોવા પરના વિજય વખતે... આ દરેક વખતે ફ્લોર-ડે-લા-માર ઓછા-વત્તા રીતે સહભાગી બન્યું હતું.

(ફ્લોર-ડે-લા-માર)

છેવટે ૧૫૧૧નું વર્ષ ફ્લોર-ડે-લા-માર માટે આખરી



બની રહેવાનું હતું. ૧૫૧૧માં આ જંગી જહાજે મલાક્કા – મલેશિયાના એક રાજ્ય પરની પોર્તુગીઝોની ચઢાઈમાં ભાગ લીધો. ચઢાઈનું નેતૃત્વ કપ્તાન અલફોન્સો-ડે-એલ્બ્યુક્વેરક્યુએ લીધું અને એ સંઘર્ષમાં પોર્તુગીઝો વિજયી બન્યા. મલાક્કાની સલ્તનત ભાંગી પડી અને એ રાજ્યમાં પણ પોર્તુગાલ વસાહત સ્થપાઈ. આથી હવે મલાક્કા પણ તેમનાં આવન-જાવનનું એક કેન્દ્ર બની ગયું હતું. ચઢાઈ પૂરી થયા બાદ અલફોન્સોના હુકમ તળે મલાક્કામાંનો કેટલોક લૂંટનો માલ ફ્લોર-ડે-લા-માર પર લાદવામાં આવ્યો. અહીં સુધી તો ખરૂં, પરંતુ એવી પણ વાયકા છે કે મલાક્કાના લૂંટના માલની સાથે સિઆમ (થાઇલેન્ડ)ના રાજા તરફથી પોર્તુગાલના રાજાને મળેલી ‘પ્રભાવશાળી’ ભેટ તરીકેનો મોટો ખજાનો જહાજમાં જઈ રહ્યો હતો.

નવેમ્બર, ૧૫૧૧માં તેણે મલાક્કા છોડ્યું ત્યાર પછી એ ક્યારેય પાછું લિસ્બન ન પહોંચી શક્યું. વર્તમાન રીપોર્ટ પ્રમાણે તે સુમાત્રાનાં કિનારાની સમાંતર સફર કરી રહ્યું હતું ત્યારે તેને ભયંકર વાવાઝોડાનો સામનો કરવો પડ્યો હતો. તે સુમાત્રાથી એકદમ નજીકના એક ટાપુના ખડક પાસે અથડાયું અને બે પડમાં વિભાજિત થઈને તૂટી ગયું. એનો પાછળનો અડધો ભાગ રેતીમાં ખૂંપી ગયો અને દરિયાઈ મોજાંને કારણે ધોવાણ પામ્યો. એ ધોવાણની સાથે તેમાં રહેલો એ અમૂલ્ય ખજાનો પણ જાણે ખોવાયો. જહાજ પરનાં લગભગ ૪૦૦ જેટલાં ખલાસીઓએ પણ જીવ ગુમાવ્યા. અલબત્ત, એલ્બ્યુક્વેરક્યુ પોતાના અમુક ઓફિસરો સાથે લાઈફ બોટમાં ભાગી છૂટ્યો. રત્ન ભરેલી પેટીઓ, હીરા, માણેક અને નીલમણિથી ભરપૂર પેટીઓ ધરાવતો ખજાનો આજે ૨.૬ બિલિયન ડોલરની અંદાજિત કિંમતનો છે !

© JOBLESS YUVA

તાજા રીપોર્ટ મુજબ ઘણાં લોકોએ ફ્લોર-ડે-લા-મારનો એ ખજાનો શોધ્યો હોવાના દાવાઓ કર્યા છે. તો ઘણાંએ એવું પણ જણાવ્યું છે કે અડધો ખજાનો હાથ લાગી શક્યો છે. જો કે સાચું શું છે એ તો કોઈ જાણતું નથી. જો કે આ કથની માત્ર એક કથા ન રહેતાં એની સાબિતીનાં પુરાવાઓ પણ મળ્યાં છે, પરંતુ જહાજ પરના એ મૂલ્યવાન ખજાનાનો પત્તો ખરેખર મળ્યો જ છે, કે અડધો મળ્યો છે, કે પછી મળ્યો જ નથી ને નર્યું જુઠાણું છે એ નક્કી નથી થઈ શક્યું.

૫. લિઅન ત્રેબ્યુકોનું સોનું

મેક્સિકન મિલિયોનેર લિઅન ત્રેબ્યુકોએ ૧૯૩૩માં મેક્સિકોના ફાર્મિંગટન પાસે, રણમાં ધરબી દીધેલા સોનાની આ કથા જાણવા જેવી છે. સોનાની પાટ રૂપે લગભગ ૧૬ ટન જેટલું સોનું એણે એના ચાર સાથીદારો મળીને મેક્સિકોના રણમાં દફન કરી દીધું હતું જે આજે હજુ પણ અકબંધ છે. ૧૬ ટન સોનાની અંદાજિત કિંમત જાણવા માંગતા હોવ તો તે છે – લગભગ ૧ હજાર મિલિયન ડોલર !!

વાત એમ હતી, કે ૧૯૩૦માં અમેરિકામાં મંદીનું પ્રમાણ આસમાને પહોચ્યું હતું એટલે ૧૯૩૦ના દશકનાની શરૂઆતના એ સમયને ઈતિહાસમાં 'ધ ગ્રેટ ડિપ્રેશન' તરીકે ઓળખવામાં આવે છે. આવા ઘોર મંદીના સમયમાં લિયન ત્રેબ્યુકો નામના, મેક્સિકોમાં વસતા એક મિલિયોનેરને કુબુદ્ધિ સુઝી. સોનાના ભાવ આસમાને હતાં અને અમેરિકન સરકારને સોનાની તાતી જરૂરિયાત પણ હતી. ત્રેબ્યુકોને પાક્કો વિશ્વાસ હતો કે સોનાના ભાવ હજુ પણ વધશે એટલે મંદીનો આવી રીતે લાભ ઉઠાવવા માટે એણે અને એના ચાર મિત્રોએ મેક્સિકોનું ઘણું ખરૂં 'રિઝર્વ' સોનું ખરીદી લીધું. તેમનો ઈરાદો જ્યારે કિંમત વધે ત્યારે એને યુ.એસ./અમેરિકામાં વેંચી કાઢવાનો હતો.

મેક્સિકોની એક કામચલાઉ ભઠ્ઠીમાં સિક્કા અને જ્વેલરી તરીકે રહેલું સોનું પીગળીને પાટો તૈયાર કરવામાં આવી. કુલ ૧૬ ટન સોનાની પાટો ત્રેબ્યુકો અને એના ચાર સાથીદારોએ ખરીદી લીધી હતી. એણે મેક્સિકોથી યુ.એસ. સોનું લઈ જવું હોય તો એ ગેરકાયદેસર ગણાતું. એટલે એણે સોનાની પાટોને મેક્સિકોમાં જ ક્યાંક દાટી દેવા માટે રેડ મોઇસર નામના એક પાઇલટને ખાનગી રીતે ન્યૂ મેક્સિકોના રણમાં કોઈક સુરક્ષિત જગ્યા ખોળી કાઢવા કામે રાખ્યો. મોઇસરે ૧૬ વખત ઉડાન ભરીને હરેક વખતે એક-એક ટન સોનું પીક અપ ટ્રકો સુધી પહોચાડ્યું અને ટ્રકોએ દફનના સ્થળ સુધી.

સોનું મેક્સિકન રણમાં ઉટ અને નાવાજો નામની



(જમણી બાજુ નીચે ત્રેબ્યુકો અને એના સાથીદારો)

છૂટીછવાઈ વસ્તીવાળી જગ્યા તરફ દાટવાનું નક્કી કરવામાં આવ્યું. સોનું દફન થઈ ગયા બાદ, ૧૯૩૪માં યુ. એસ.નો 'ગોલ્ડ રિઝર્વ એક્ટ' પસાર કરવામાં આવ્યો ત્યારે સોનાના ભાવ ઓર વધ્યા, પણ 'અતિબુદ્ધી' ધરાવતા ત્રેબ્યુકોએ ત્યારે પણ સોનું વેંચ્યું નહીં એ એની મોટામાં મોટી ભૂલ હતી. પાંચેયના બદનસીબે 'ગોલ્ડ રિઝર્વ એક્ટ'માં સોનાની ખાનગી માલિકીના હક્કોને રદબાતલ કરતી કોલમ પણ ઉમેરવામાં આવી. પત્યું ! ત્રેબ્યુકો (અને એના સાથીઓ) સોનાનું રોકડમાં રૂપાંતરણ ન કરી શક્યો. સમય જતાં મૃત્યુ પામ્યો ને આવડા મોટા સોનાના ખજાનાનો પત્તો એના મનમાં જ ધરબાઈ ગયો.

વખત જતાં 'ગોલ્ડ રિઝર્વ એક્ટ' દૂર કરાયું ત્યારે પાંચેય દુનિયા છોડી ગયા હતા. યુ.એસ. સરકારને ખજાનાની ખબર પડતાં તેને રાષ્ટ્રીય સંપત્તિ ઘોષિત કરવામાં આવ્યો. અલબત્ત, સરકાર આજ સુધી ખજાનાની જગ્યા વિશેની ભાળ નથી મેળવી શકી. કેટલાય લોકોએ અને લૂંટારાઓએ ખજાનો શોધવાના પ્રયાસો કર્યા છે, પરંતુ ૧૬ ટનની એ સોનાની પાટોરૂપી ખજાનો કોઈનાય હાથમાં આવ્યો નથી.

© JOBLESS YUVA

૬. 'ઇન્કા' વસાહતનો ખજાનો

વાત છે ૧૫મી સદીમાં પશ્ચિમ-દક્ષિણ અમેરિકામાં વસતા 'ઇન્કા/Inca' લોકોની. તેઓ સોના-ચાંદી અને કિંમતી વસ્તુઓના અતિ શોખીન હતા. લગભગ દરેક જણ સોના-ચાંદીનો માલિક હતો. ઘરોમાં, મંદિરોમાં, મહેલોમાં વગેરે જગ્યાઓની દીવાલો પર તેઓ સોના-ચાંદીને જડતા અને સુશોભિત બનાવતા. ઉપરાંત તેમનાં રોજબરોજનાં ઘરેણાં પણ શુદ્ધ સોનાના રહેતાં. હવે આટલી સમૃદ્ધ વસાહત હોય ને એની પર કોઈનો ડોળો ન પડે એવું બને ?

૧૫૩૨ના ઉત્તરાર્ધમાં સ્પેનિશ સાહસિક અને સેનાપતિ ફ્રાન્સિસ્કો પિઝારોએ ઇન્કા સામ્રાજ્ય પર ચઢાઈ કરીને તેના અધિપતિ, રાજા આતાહુઆલ્પાને બંદી બનાવ્યા અને ઇન્કા લોકો સમક્ષ ખંડણી પેટે અડધો રૂમ ભરાય એટલું સોનું અને બે-ગણા કરતાં વધારે જેટલી ચાંદીની માંગણી કરી. માંગણી સ્વીકાર્યા વગર છૂટકો નહોતો, એટલે દરરોજ થોડું થોડું સોનું પિઝારાના કબજામાં આવતું જતું હતું. ઉપરાંત નાની-મોટી લૂંટફાટ દ્વારા સ્પેનિશો ખૂણે ખૂણેથી સોના-ચાંદી પોતાના ખિસ્સામાં ભર્યે જતાં હતાં.



(કાલ્પનિક ચિત્ર)

૧૫૩૩માં કોણ જાણે શું થયું કે પિઝારોએ આતાહુઆલ્પાનું ખૂન કરી નાખ્યું. ખંડણીનું થોડું સોનું મળવાને આડે હતું ત્યાં જ આ ઘટના બની. આટલે સુધીની કથા એકદમ સાચી છે એની ટકોરાબંધ ખાતરી આપતા પુરાવાઓ મોજૂદ છે, પરંતુ લગભગ દરેક ખજાનાની કથામાં બન્યું છે તેમ, અહીં પણ કથા અને સત્યકથા વચ્ચે ઝૂરવાનું છે.

એક વાયકા મુજબ છેલ્લે આપવાનું થતું જે સોનું બચ્યું હતું એને ઇન્કા લોકોએ એક પર્વતની છૂપી ગુફામાં સંતાડી દીધું હતું. એ ગુફા જ્વાળામુખીની કોઈક તળેટીમાં આવેલી છે. અત્યાર સુધી સેંકડો લોકોએ એને મેળવવાનો પ્રયત્ન કર્યો છે અને ઘણાં-ખરા આ પ્રયાસોમાં માર્યા ગયા છે.

બીજી એક કથની એવી પણ છે, કે ઇન્કા સામ્રાજ્યના જનરલ રૂમીનાહુઈને સ્પેનિશો ઇન્કા સામ્રાજ્યમાં પોતાનું વર્ચસ્વ જમાવતા હોવાની અને ડબલ ક્રોસ કરતા હોવાની ગંધ આવતાં તેણે ઇન્કા સભ્યતાના ક્વિટો પ્રાંતનું લગભગ બધું સોનું નજીકના સરોવરમાં પધરાવી દીધું, જેથી સ્પેનિશો એને ક્યારેય શોધી ન શકે.

ખેર, આવી તો ઘણી માન્યતાઓ છે, પરંતુ એ દરેક પર સત્યની મહોર મારી શકાય એમ નથી. કારણ કે પુરાવાઓનો અભાવ છે. હાલના તબક્કે જો સૌથી મહત્વપૂર્ણ અને માની શકાય એવી કથા હોય તો એ પ્રથમ ઘટના છે કે જેમાં ઇન્કા લોકોએ સોનું જ્વાળામુખીના મુખવાળા પર્વતની તળેટીમાં છૂપાવ્યું છે. સંશોધનકારોના મતે એ પર્વત લેંગનેટ્સ માઉન્ટેઈન હોઈ શકે છે.

શક્યતા છે. 'આશા અમર છે' એ ઉક્તિ મુજબ સાહસિકો પોતાનાથી બનતા તમામ પ્રયત્નો કરી છૂટે છે, પરંતુ તેમને આ ટન બંધ સોનાના દર્શન થતાં નથી.

*

આ કરી આપણે વિશ્વના કેટલાંક વણશોધ્યા ખજાનાઓની વાત. આ લિસ્ટ સાવ નજીવું કહેવાય એવા બીજા મસમોટા ખજાનાઓ પોતાના વણઉકેલાયેલા રહસ્યોને ધરબીને બેઠા છે. આ બંને અંકોમાં 'ખજાનો'ના વાચકોને અમુક તમુક ખજાનાઓથી ટૂંકમાં માહિતગાર કરવાની કોશિશ કરવામાં આવી છે. એટલે હજુ બીજા ઘણાં બધાં ખજાનાઓ વિશે ગોષ્ઠી થઈ શકે એમ છે, પરંતુ પરિવર્તન જરૂરી છે. એટલે આવતા અંકે વિષય બદલીશું. ત્યાં સુધી આવજો !

© JOBLESS YUVA

• ઉદય ભાનુશાલી

ટેકનો નોલેજ



બ્રિફિંગ

યુ ટયૂબમાંથી વિડિઓઝ ડાઉનલોડ કરવા વિડમેટ કે ટ્યુબમેટ વાપરો છો ? હવે ન વાપરતાં. કારણ એટલું કે એવાં એપ્સ ફોન માટે નુકસાનકારક છે. તો કોઈ સોલ્યુશન ખરું ? 'ખજાનો' પાસે સોલ્યુશન ન હોય એવું બને ખરું ? અંહહ ! વાંચો ત્યારે 'મોટી પ્રોબ્લેમ કા સરળ સોલ્યુશન !'

નમસ્કાર મિત્રો !! પાછલાં અંકનો સારો પ્રતિસાદ મળ્યો ! ઘણા બધા અભિપ્રાયો પણ મળ્યા. મારું માનવું છે કે તમે બધા પ્રથમ અંકથી સંતુષ્ટ છો. તો આજે તમે 'ખજાના'માં એક અનોખા મોબાઈલ એપ્લિકેશન વિશે માહિતી મેળવવા જઇ રહ્યા છો. આ એપ્લિકેશનનું નામ છે 'YouTube Go !' આ એપ્લિકેશન ગૂગલ માન્ય અધિકૃત એપ્લિકેશન છે જે સુરક્ષિત છે.

મોબાઈલને નુકસાન કરતા Vidmate અને TubeMate જેવા એપ્લિકેશનને દૂર કરી YouTube પરથી તમારા પ્રિય Video Downlod કરવાની સરળ અને સારી રીતે વિશે આજે જાણો... એ પણ ગૂગલના માન્ય એપ્લિકેશન દ્વારા.

આજના સમયમાં YouTube નો ઉપયોગ લગભગ તમામ કરતા હશો અને ખાસ કરીને અત્યારના યુવાનો તો YouTube ના દિવાના હશે.



પણ YouTube નો એક પ્રોબ્લમ છે, કે તમે તમારા મનપસંદ વિડિઓ સરળતાથી ડાઉનલોડ કરી શકતા નથી. હા, YouTube એક ઓપ્શન આપે છે Offline Download નો, પણ તે તમારા મોબાઈલના 'સીસ્ટમ સ્ટોરેજ'માં સેવ થાય છે. મતલબ જો તમારી પાસે તમારા મોબાઈલની આંતરિક જગ્યા ઓછી હોય તો તમે એને Offline Save કરી શકતા નથી. ઉપરાંત તેનો બીજો ગેરફાયદો એ છે કે તમે તમારા વ્હાલા પરિજનો કે મિત્રો સાથે એ વિડીયોની આપ-લે કરી શકતા નથી. જે તમામ ને આંખમાં કાંકરીની જેમ ખૂંચતુ હોય છે.

આજે આ આર્ટિકલ વાંચ્યા બાદ ઉપરના ફકરાનો છેલ્લો મુદ્દો તમારા માટે ખોટો રહેશે. કારણ કે આનો ઉકેલ 'યૂટ્યૂબ'એ શોધી કાઢ્યો છે, પરંતુ હજુ એ બહુ પ્રખ્યાત થયો નથી. અને બીજું કે હું તમને આજે બે જુદી પદ્ધતિ શીખવીશ જેની મદદથી તમે આ કામ સરળતાથી કરી શકશો. અત્યારે આ લેખ વાંચતા વાંચતા જ તમારા મનમાં Vidmate અથવા તો TubeMate જેવા application નો ખ્યાલ આવ્યો હશે, પરંતુ આ application ના ઉપયોગથી તમારા જીવથી પણ વધારે વ્હાલા મોબાઈલ ફોનને તકલીફ પડતી હોય છે. અને એ માત્ર મોબાઈલમાં જ ઉપયોગી બને છે પણ કોમ્પ્યુટર કે લેપટોપનું શુ ?? તેથી આવા અનઅધિકૃત એપ્લિકેશનનો ઉપયોગ ટાળશો તો તમારા પપ્પાના ખિસ્સા માટે સારું રહેશે !!



આજે હું તમને આવી બધી માથાકૂટ વગર તમારા મનપસંદ વિડિઓ સરળતાથી ડાઉનલોડ કરતા શીખવાડવા જઈ રહ્યો છું.

આ ડાઉનલોડ કરવાની સેવા Savefrom.net અને ગૂગલના તાબા હેઠળ આવતા YouTube ના એક એપ્લિકેશન YouTubeGo દ્વારા પુરી પાડવામાં આવે છે.

અહીં તમને પ્રશ્ન જરૂર થશે કે ક્યાં YouTube અને ક્યાં Savefrom.net ! બન્ને વચ્ચે શું કનેક્શન ?? પરંતુ કનેક્શન છે !! પણ એક વાત છે, કે તમારે આ કનેક્શન માટે YouTube એપ્લિકેશનને બદલે કોઈ પણ બ્રાઉઝ નો પ્રયોગ કરવાનું રહેશે.

જ્યારે તમે તમારા મોબાઈલ ફોનના કોઈ પણ બ્રાઉઝરની અંદર YouTube ને ચાલુ કરશો ત્યારે તે YouTube એપ્લિકેશનની જેમ જ ખુલશે અને ત્યાર બાદ તમે તેમાં આખી દુનિયામાંથી તમને ગમતી વસ્તુ જોઈ શકશો. જો તે વસ્તુ જોતાં જોતાં તમને ગમે, અને તેને પોતાની પાસે સાચવી રાખવાનું મન થાય, અથવા તો કોઈ બીજી વ્યક્તિને મોકલવું હોય તો તમારે નીચે મુજબ કામ કરવાનું રહેશે...

1. તમારા બ્રાઉઝરમાં ઉપર આવેલ Url box પર ક્લીક કરવું
2. હવે તે box ની અંદર એક લિંક દેખાતી હશે...
3. તે link માં સૌથી આગળ જવું..
4. ત્યાં http//:m.youtube...... આવી કંઇક લિંક જોવા મળશે

© JOBLESS YUVA

5. હવે તમારે આ link માથી http//:m. આટલુ દૂર કરી અને SS લખવાનું રહેશે...


6. હવે તમારી લિંક કંઇક અંશે આવી દેખાશે ssyoutube.....

7. ત્યાર બાદ Go પર ક્લિક કરો. આમ કરવાથી એક નવું page ઓપન થશે.

8. હવે તે page નો દેખાવ આ પ્રકાર નો હશે.

9. હવે તમારે કેવી clarity માં download કરવું છે તેના માટે ઘણા ઓપ્શન જોવા મળશે જેવા કે (mp4 1080, mp4 720, mp4 320, mp4 HQ , 3GP ,mp3 વગેરે)

આમ, તમને જેવી દૃશ્યતા વાળું ડાઉનલોડ કરવું છે તે ઓપ્શન પર ક્લિક કરો.



તમારા એક ક્લિકથી ડાઉનલોડ થવાનું શરૂ થઈ જશે અને ડાઉનલોડ થયા પછી જો તમે ઈચ્છો તો તેને તમે બીજા કોઈ વ્યક્તિને મોકલી શકવા પણ સમર્થ રહેશો. આ જ પદ્ધતિ તમે તમારા કોમ્પ્યુટર, લેપટોપ કે ટેબ્લેટમાં પણ કરી શકશો.

અને હા, આમ કરવાથી તમારા વ્હાલા મોબાઈલને કે કોઈપણ બીજા ઉપકરણને કોઈ પણ પ્રકારનું નુકસાન થશે નહીં....

આ તો વાત થઈ savefrom.net ની, પણ હવે મુખ્ય મુદ્દા પર આવું તો માત્ર ભારત દેશ માટે વિશ્વની સર્વશ્રેષ્ઠ કંપની 'ગૂગલ'એ એક એવું એપ્લિકેશન બનાવ્યું છે જે ભારતીયો માટે ખૂબ



જ ફાયદાકારક છે. જો કે હજુ આ એપ્લિકેશનનું બીટા વર્ઝન આવ્યું છે. મતલબ કે આ એપ્લિકેશન હજુ ડેવલોપ થઈ રહી છે. તે એપ્લિકેશનની અંદર હજુ સુધારા વધારાનું કામ-કાજ ચાલુ છે. પણ આ એપ્લિકેશન 'પ્લે સ્ટોર' પર ઉપલબ્ધ છે.

આ આપ્લિકેશનમાં 'ગૂગલ'એ એક તિરથી બે નિશાન સાધ્યા છે. પ્રથમ તો પેલું Offline Download હંમેશા ફોનની આંતરિક જગ્યામાં થતું, પરંતુ આ એપ્લિકેશનના પ્રયોગથી સેવ કરેલ વીડિયો તમારા ફોનની બાહ્ય જગ્યા એટલે કે મેમરી કાર્ડમાં પણ સેવ થાય છે જેથી હવે જગ્યાનો પ્રશ્ન ત્યાં જ પૂરો અને બીજું નિશાન એ કે તમે ડાઉનલોડ કરેલી કૃતિ તમે બીજા કોઈ વ્યક્તિને મોકલી શકો છો. આ એપ્લિકેશન ફાઇલને મોકલવા તમારા મોબાઈલના બ્લુટુથ અને ગરમસ્થળ એટલે કે 'હોટસ્પોટ' નો ઉપયોગ કરે છે. અને બીજા એપ્લિકેશનની માફક ફાઇલને એક મોબાઈલમાંથી બીજા મોબાઈલમાં વહેતી કરે છે.

આ એપ્લિકેશન યૂટ્યૂબની જેમ જ કાર્ય કરે છે. અહીં દરેક પ્રકારના વિડિઓ હાજર રહે છે અને જુદી જુદી સ્પષ્ટતામાં તમે આ વીડિયોને ડાઉનલોડ કરી શકો છો. આ એપ્લિકેશન સરળ અને સુરક્ષિત હોવાની સાથે ઝડપી પણ છે. હમણાં '4જી'ના જમાનામાં જો કોઈ કામ ઝડપી ના થાય તો શું અર્થ ? તેથી આ વિકાસશીલ એપ્લિકેશન YouTube Go નો ઉપયોગ કરો. તેના આવા કાર્યને પ્રોત્સાહિત કરો અને અવનવા વિડિઓની મહેફિલ તમારા મિત્રો કે પ્રિયજનો જોડે માણતા રહો. ઉપર જણાવ્યા પ્રમાણે આ એપ્લિકેશન

© JOBLESS YUVA

ગૂગલની હોવાથી અધિકૃત છે, તેથી તમારા મોબાઈલને નુકશાન થવાની સંભાવના નહિવત છે.

કોમ્પ્યુટર કે લેપટોપના 'ગૂગલ ક્રોમ' બ્રાઉઝર માટે આ

YouTube Go નો Add-on મળી રહે છે. તેથી નિશ્ચિત થઈ તમારા વિવિધ ઉપકરણો પર મનોરંજન માણતા રહો !!! દર મહિને આ 'ખજાનો' ખોલતા રહો અને નવું નવું જ્ઞાન પ્રાપ્ત કરતા રહો !

© JOBLESS YUVA

● પ્રતીક ગોસ્વામી

એક અજાણ્યું પ્રકરણ



બ્રિફિંગ

દ્વિતીય વિશ્વયુદ્ધનું નામ લઈએ એટલે સૌથી પહેલો ચહેરો કોનો સામે આવે ? હિટલરનો ? રાઈટ ! પણ તરત એની પાછળ એક નામ આવે 'ધ હોલોકોસ્ટ'. ખરેખર તો એ નામ નથી, એક શ્રાપ છે જેનો પરચો યહૂદીઓનો બરાબર મળી ગયો છે. અહીં પ્રસ્તુત છે એ સમગ્ર કાળચક્રનું અજાણ્યું વર્ણન.

અહીં ચર્ચાવા જઈ રહેલી ઘટના અત્યંત લાંબી છે. ઐતિહાસિક રીતે અગત્યની પણ ખરી, તેથી હપ્તાવાર પ્રકાશિત કરવામાં આવશે. માત્ર 'હોલોકોસ્ટ' વિશે નિરસ માહિતીઓ પીરસી દેવાય એ 'ખજાના'ની પ્રથા વિરુદ્ધ છે. ઐતિહાસિક તથ્યો અને વિગતોને રજૂ કરતાં પહેલાં તેની પૂર્વભૂમિકા થોડી લાંબી બાંધવામાં આવી છે, જેથી હિટલરની માનસિકતા અને યહૂદીઓની તત્કાલીન હાલત વિશે સારી રીતે સમજી શકાય. બેશક, ઇતિહાસમાં ઊંડે સુધી ડોકિયું કરાવતી આ ટાઈમ ટ્રાવેલ રોમાંચક તો બની જ રહેશે, સાથે સાથે અનેક એવી બાબતો પરથી પડદો પણ ઉઠશે, જેના વિશે વાત સુદ્ધાં કરવાથી વિજેતા દેશોનાં કપાળ પર સળ પડે છે !

ચાલો ત્યારે, જોઈએ 'ધ ફાઇનલ સોલ્યુશન'ની આખી કુંડળી. સીટ બેલ્ટ બાંધી લેજો. સમયની સવારી ઉપડી રહી છે... થ્રી... ટુ... વન...!

ઓશ્વિટ્ઝ-બર્કેનાઉ, દક્ષિણી પોલેન્ડ.

વહેલી પરોઢનો સમય હતો. ખાલી-બરફ મઢ્યા માર્ગ પર કેટલીક જર્મન લશ્કરી ટ્રોલીઓ હરોળબદ્ધ રીતે, ધુમ્મસને ચિરતી ધીમા વેગે આગળ વધી રહી હતી. હજી થોડીવાર પહેલાં જ બરફવર્ષા બંધ થઇ હતી એટલે રસ્તાઓ-ઝાડવાઓ અને મકાનો પર બરફના પોપડા જામેલા હતા.



સખત ધુમ્મસને લીધે થોડા મીટર દૂર જોવું પણ અત્યંત મુશ્કેલ હતું.

રસ્તો લપસણો બન્યો હતો, તેથી ડ્રાઇવર સાચવીને ચલાવી રહ્યો હતો. બાકીની ટ્રોલીઓ પણ થોડું અંતર રાખીને ચાલી રહી હતી, જેથી અચાનક લગાડવી પડતી બ્રેકને લીધે તેમની વચ્ચે ટક્કર ન થાય.

વળાંક વટાવીને કાફલો એક મોટી છાવણી જેવા વિસ્તારમાં પ્રવેશ્યો. ડ્રાઇવર સાથે રહેલા બે રાઇફલધારી જર્મન સૈનિકોમાંથી એક નીચે ઉતર્યો. વિશાળ ગેટ પાસેની નાનકડી કેબિનમાં જઈ ચોકીદારને કાગળિયાં બતાવ્યાં. એ સૈનિકો 'વિયેરમાર્ક'નાં (જર્મન ભૂમિદળનાં) ન હતા, પણ હિટલરની એપ્રિલ, ૧૯૨૫માં સ્થપાયેલી છૂપી પોલીસ 'શુત્ઝસ્ટાફેલ'ના સભ્યો હતા.

ચોકીદારે એક અણગમાભરી નજરે લોરી સામે જોયું અને કાગળિયાં તપાસીને ગેટ ખોલ્યો. લોરીઓ અંદર દાખલ થઇ એ સાથે જ ગેટ ફરી બંધ થયો. ગેટના ચિચુડાટ પછી વાતાવરણ ફરી શાંત બની ગયું. બહારથી તો એ છાવણી સામાન્ય લશ્કરી વિસ્તાર જેવી જ દેખાતી હતી, છતાં તેની અંદર થઇ ગતિવિધિઓને લીધે ભવિષ્યમાં હંમેશ માટે કુખ્યાત બની જવાની હતી. ત્યાં મુખ્ય ગેટ પર જર્મન ભાષામાં લખેલું હતું, 'જે કામ કરે છે, એ જ મુક્તિ પામે છે !'

© JOBLESS YUVA

શક્ય હોય તો થોડીવાર પૂરતું આ વાક્ય યાદ રાખજો. સીધી દેખાતી વાતને માણસ પોતાના મતલબ ખાતર કેટલી હદે વિકૃત કરી શકે એનું બેજોડ ઉદાહરણ તેમાં સમાયેલું છે.

સમયગાળો બીજા વિશ્વયુદ્ધનો, એટલે મોટાભાગના દેશો રીતસરની લશ્કરી છાવણીઓમાં ફેરવાઈ ગયા હતા. ડઝનોનાં હિસાબે શહેરોમાંથી પસાર થતાં લશ્કરી વાહનોનાં કાફલાઓ હવે લોકો માટે નવાઈ ન હતી. આખા યુરોપમાં અને યુરોપ બહાર પણ યુદ્ધ સળગી ચૂક્યું હતું, તેથી મોરચા પર જતા સૈનિકો, હથિયારો, બખ્તરબંધ વાહનો અને ત્યાંથી પાછા ફરતા ઘાયલોને લીધે શહેરોના જાહેરમાર્ગો જામ રહેતા. છતાં, ઉપર જણાવી એ ઘટના અલગ હતી.

ટ્રોલીઓ સાથે આવેલા જર્મન સૈનિકોએ ચોકીદારને જે 'મહેમાનો' ખાતર ઉઠાડવાની તકલીફ આપી એ બધા વચ્ચે એક સામ્યતા હતી કે એ બધાં યહૂદીઓ હતાં, બધાં જ ! વધુ મોટી સામ્યતા (ખરેખર તો કરુણતા) એ હતી કે તેઓ એકલાં ન હતાં. યુરોપભરનાં લાખો યહૂદીઓનાં એવાં જ હાલ હતાં. ઓશ્વિટ્ઝ જેવી છાવણીઓ પણ સેંકડોમાં હતી. આ બધાં કમનસીબો હિટલરના નાઝી જલ્લાદોના સકંજામાં ફસાયાં હતાં, જેમનો અંજામ શરીર પરનાં બધાં ઘરેણાં અને સાથે રહેલી માલમત્તા (બત્રીસીમાં લગાવેલ સોનાના દાંત સુદ્ધાં!) ઝૂંટવી લીધા પછી, કમરતોડ વૈતરું કરાવ્યા પછી અને તેમનાં શરીર પર વિકૃત રાસાયણિક-જૈવિક સંશોધનો કર્યા પછી અંતે ગેસ ચેમ્બરમાં ગૂંગળાઈને આવવાનો હતો. બચવાનો એકમાત્ર રસ્તો હતો-મોત ! પણ બિચારાં યહૂદી કેદીઓનાં કમનસીબે એ પણ સરળતાથી આવવું દુર્લભ હતું.

વધુ આગળ વધતા પહેલા બે ડગલાં પાછળ ખસીએ. અહીં એક ડગલું આશરે ઓગણીસસો વર્ષનું છે, કારણ કે યહૂદીઓનું 'હાજર સાહેબ' એ પહેલાની લિપીઓ-દસ્તાવેજોમાં બોલે છે ! ઇસવીસન પૂર્વે બે હજારની આસપાસ યહૂદી ધર્મનો ઉદ્ભવ થયો. અલબત્ત, તેનો પ્રથમ ઉલ્લેખ છેક પોણા સત્તરસો વર્ષ પછીના ગ્રીક રેકર્ડમાં જોવા મળે છે ! યહૂદીઓ અરબસ્તાનના સૂકાભઠ્ઠ રણપ્રદેશમાં છૂટા છવાયા કબીલાઓ સ્વરૂપે રહેતાં. રખડુ જીવન વિતાવતાં. તેઓ પોતાને પિતામહ જેકબના વંશજ લેખાવતાં અને કુલ બાર કોમોમાં વહેંચાયેલાં હતાં. આ કોમોનાં નામ જેકબના બાર પુત્રો પરથી પડ્યાં. (નામ જાણવાં છે ? આ રહ્યાં: રુબેન, સિમોન, લેવી, જુડાહ, એશર, ઝેલુલુન, ડાન, નેફ્ટાલી, ગેડ, ઈસાચર, જોસેફ અને બેન્ઝામિન. યાદ ન રહે તો ફિકર નોટ !)

અલબત્ત, યહૂદીઓમાં પરસ્પર સંપનો અભાવ હતો, તેઓ પોતપોતામાં જ ઝઘડતાં રહેતાં. અંતે, અબ્રાહમ નામના એક વયોવૃદ્ધ ધાર્મિક નેતાએ તેમને એક છત્ર તળે ભેગાં કર્યાં. અબ્રાહમની આગેવાની તળે જ યહૂદીઓએ અરબસ્તાનને બદલે પાસે આવેલાં કનાનને પોતાનું વતન બનાવ્યું. અહીં પણ મિયાં બીબીનો ખેલ ચાલુ રહ્યો. વિશાળ સંખ્યામાં હોવા છતાં તેઓ વિભાજીત હતાં. કેટલાંક શાણા યહૂદીઓ કે જે આ બધાથી શાંતિ ઝંખતાં હતાં, મિસ્ર ગયાં અને ત્યાં રહીને વેપાર શરુ કર્યો.

સોએક વર્ષ તો બધું બરાબર ચાલ્યું, પણ પછી મિસ્રના નવા સમ્રાટે તેમને કેદ પકડ્યાં. જેમને મોઝીસે



આઝાદ કરાવીને ફરી પેલેસ્ટાઇનની એટલે કે કનાનની ભૂમિ

© JOBLESS YUVA


પર વસાવ્યાં. યહૂદીઓએ પાડવાના થતા દસ નિયમો પણ તેણે (દંતકથાઓ મુજબ ઈશ્વરીય આદેશ અનુસરીને) યહૂદીઓને આપ્યા. આ દસ ઈશ્વરીય આદેશો 'ટેન કમાન્ડમેન્ટસ્' તરીકે જાણીતા બન્યા અને કનાન, યહૂદીઓની પવિત્ર ભૂમિ તરીકે !

છઠ્ઠી સદીમાં આરબો કનાન પર ચડી આવ્યા અને ન વટલાયેલાં યહૂદીઓને દેશનિકાલ કર્યા. તેરસો વર્ષ ચાલનાર દેશવટાનો પણ એ સાથે આરંભ થયો. અનેક દેશોમાં યહૂદીઓ ફેલાયાં. ધંધા રોજગાર શરૂ કર્યા પણ તેમની અદેખાઈભરી નીતિ અને બીજાઓથી અલગ રહેણીકરણીને લીધે અળખામણાં બન્યાં. ખાસ કરીને યુરોપી દેશોમાં, જ્યાં તેમને દગાખોર અને વ્યાજખોર તરીકે જોવાતાં હતાં. બીજું કારણ એ કે ઈસુ ખ્રિસ્તના વધ પાછળ જુડાસ નામનો યહૂદી જવાબદાર હતો એ વાત ખ્રિસ્તીઓ ભૂલી નહોતાં શકતાં. એટલે જ, યહૂદીઓ માટે એમ કહેવાતું કે, 'યહૂદીઓ ઈર્ષાળુ, અણઆવડતવાળા અને મુશ્કેલીઓ સર્જનાર છે.' ઈશ્વરીય અદેશોનું (બેશક, ઈસુ ખ્રિસ્તે આપેલ) ઉલ્લંઘન કરનાર કોમ તરીકે ખપાવી ખ્રિસ્તી ચર્ચો પણ તેમની ટીકા કરતાં રહેતાં. આ છૂપા અણગમાને ખુલ્લંખુલ્લા બહાર લાવવાનું કામ હિટલરે ઉપાડ્યું.

જર્મનીના સરમુખત્યાર એડોલ્ફ હિટલરનું નામ સાંભળ્યું છે ? વિશ્વ બિરાદરીમાં સૌથી વધુ વગોવાયેલો સરમુખત્યાર એડોલ્ફ હિટલર ! ક્રૂર તાનાશાહોની લિસ્ટમાં અનેક ઇતિહાસકારો તેને આજે પણ પહેલી પાટલીએ બેસાડે છે. આ નકારાત્મક પ્રસિદ્ધિનું એક કારણ તો ભલે બીજું વિશ્વયુદ્ધ રહ્યું હોય, પણ મુખ્ય કારણ એ ન હતું.

હિટલર મૂળ ઓસ્ટ્રિયાનો હતો. ચિત્રકાર હતો. પોતાના ચિત્રો વેચીને પેટ ભરવા ખાતર યુવાનવયે તે મ્યુનિખ આવ્યો. મ્યુનિખ જર્મનીનું એક ઐતિહાસિક શહેર હતું, એટલે સ્વાભાવિક રીતે જ કલા-કારીગરી માટે સ્વર્ગ સમાન હતું. હિટલરને આ બધામાં રસ પડવા માંડયો. થોડા સમયમાં જ અહીંની સંસ્કૃતિથી તે એટલો તો અંજાઈ ગયો કે જર્મનો સમગ્ર દુનિયા પર રાજ કરવા જન્મ્યા છે એવું તે દ્રઢપણે માનવા લાગ્યો.

એટલામાં પ્રથમ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. હિટલરે જર્મની વતી લડવાનું નક્કી કર્યું અને સેનામાં ભરતી થઇ ગયો. યુદ્ધમાં તેની અપ્રતિમ બહાદુરી માટે પ્રથમ દરજ્જાનો



'આર્યન ક્રોસ' (આપણા 'પરમવીર ચક્ર'ને સમકક્ષ) મેળવ્યો. ઓક્ટોબર, ૧૯૧૮માં ઘાયલ થયો અને હોસ્પિટલે દાખલ કરવામાં આવ્યો. આમ છતાં તેનો જુસ્સો ન ઘટ્યો. શરીરે અનેક જખ્મો હોવા છતાં અને ઝેરી મસ્ટાર્ડ ગેસની અસરને લીધે આંખે અંધાપો હોવા છતાં તે યુદ્ધ મોરચા પર જવાની જીદ કરતો.

અંતે, એ યુદ્ધ જર્મની હાર્યું. રાજા વિલ્હેમ કૈઝર (કૈઝર=સમ્રાટ) ગાદી છોડીને નેધરલેન્ડ નાસી ગયો અને

© JOBLESS YUVA

જર્મનીની સામાન્ય જનતા વિજેતા રાષ્ટ્રોનાં રોષનો ભોગ બની. એવા દેશોના મતે જર્મનીએ વિશ્વયુદ્ધ શરૂ કરીને દુનિયાને જબરદસ્તી તેમાં ધકેલ્યું હતું. જાનમાલની પુષ્કળ ખુવારી થઈ. અનેક ઐતિહાસિક ઈમારતો, દસ્તાવેજો, કલાકૃતિઓ નાશ પામી. કરોડો લોકો બેઘર બન્યાં એ બધા માટે પણ વિજેતા રાષ્ટ્રોના મતે (ખાસ કરીને ફ્રાન્સ અને બ્રિટેન) જર્મની જ જવાબદાર હતું.


અલબત્ત, યુદ્ધ જર્મનીએ શરુ કર્યું ન હતું તેમ યુદ્ધનું મુખ્ય કારણ પણ માત્ર જર્મનીની આક્રમક નીતિ ન હતી. યુરોપી દેશોમાં એ સમયે સંસ્થાનો મેળવવાની અને મહાસત્તા બનવાની રીતસરની હોડ જામી હતી, જે ધીમે ધીમે ઉગ્ર બની રહી હતી. એ જ હોડને પરિણામે આખરે વિશ્વયુદ્ધ સળગ્યું. અનેક નિર્દોષ ખોપરીઓ હોમાઈ. અબજોની મિલકતો ધૂળધાણી થઈ અને અંતે... યુ નો વેરી વેલ !

કેમ કે જર્મનીના પક્ષે વકીલાત કરવાવાળું કોઈ ન હતું, વિજેતા રાષ્ટ્રોએ બધો દોષ તેના પર મઢી દીધો અને વર્સેલ્સની સંધિના નામે ઉઘાડી લૂંટ ચલાવી. યુદ્ધદંડનો હવાલો આપીને જર્મનીને બેડીએ બાંધી દીધું. ખરો હેતુ જર્મનીને ફરી બેઠું થવા ન દેવાનો હતો, જે બરાબર સિદ્ધ થાય એ જોવાનું કામ નવી બનેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા 'લીગ ઓફ નેશન્સ'નું હતું. ટૂંકમાં, બધી રીતે જર્મનીનાં છોતરાં ફોલાઈ ગયાં હતાં.

હિટલર નાસીપાસ થયો. તેના મતે હાર માટે મુખ્ય ત્રણ કસૂરવારો હતાં. સૌથી પહેલાં તો એ નબળાં જર્મનો કે જેમણે યુદ્ધથી ડરીને શાંતિ મંત્રણા પર હસ્તાક્ષર કરી આપ્યાં, કે એવું કરવા માટે સરકાર પર દબાણ કર્યું. બીજાં, સામ્યવાદીઓ અને મજૂરો કે જેમણે યુદ્ધ વખતે અર્થવ્યવસ્થા ચલાવી રાખવાને બદલે હડતાળો પાડી અને દેશના ઉદ્યોગોની કમર તોડી નાખી. ત્રીજાં (અને હિટલરના મતે સૌથી વધુ દોષી) યહૂદીઓ, કે જેમણે ગરીબ બનેલાં જર્મનોને ઊંચા વ્યાજે પૈસા આપીને તેમનું શોષણ કર્યું. પરપૈસે અમીર બનેલા યહૂદીઓ તેમની સંપત્તિ પાછી સ્વિત્ઝર્લેન્ડમાં ઠાલવવા માંડ્યા એટલે હિટલર ઓર ઉકળ્યો.

હિટલર હવે જનતા સમક્ષ આવવા માંડ્યો હતો. પોતાની તેજાબી અને સામાન્ય લોકોને આસાનીથી ગળે ઉતરી જતી ભાષાને લીધે ખૂબ ઓછા સમયમાં પ્રખ્યાત થઈ ગયો. હવે તે જાહેરમાં યહૂદીઓ વિરુદ્ધ બોલતો, યહૂદીઓને જાતીય ટયુબર ક્યુલોસીસ ગણાવતો જે ધીમે ધીમે યુરોપી દેશોને ખાઈ રહ્યું હતું. (ટ્યુબર ક્યુલોસીસ યાને કે ટી.બી. એ વખતે અસાધ્ય રોગ હતું.) આ બિમારીને નાથવાનો ઉપાય શો હતો ? હિટલરે કહ્યું તેમ, એક જ હતો-યહૂદીઓનો ખાત્મો. જર્મનીની શાસન કરવા સર્જાયેલી આર્ય પ્રજાના શુદ્ધિકરણ માટે એ પગલું વળી અત્યંત જરૂરી હતું !

સત્તાપલટાની પદ્ધતિઓ કેટલી ? મુખ્યત્વે બે: કાં તો બંદૂક ઉપાડો, કાં જનતાનું એક મુદ્દાને પકડી રાખીને બ્રેઇનવોશ કરો. ૧૯૨૩માં હિટલરે બંદૂકથી તખ્તાપલટની



કોશિશ કરી જોઈ, જે નાકામ રહી. ઊલટું, નાઝી પાર્ટીની શાખ

© JOBLESS YUVA

પર બટ્ટો લાગ્યો અને હિટલરને એક વર્ષની જેલ થઇ. તેથી હવે તેણે લોકશાહી ઢબે જર્મનીનો સત્તાધીશ બનવાનું નક્કી કર્યું. નવી રણનીતિ વિચારી.

જેલમાં બેઠે બેઠે જ હિટલરે પોતાની આત્મકથા 'માઈ કામ્ફ/મારો સંઘર્ષ' લખી. જેમાં તેણે પોતાના વિચારો જણાવ્યા. જર્મનીનું જાતીય શુદ્ધિકરણ શા માટે જરૂરી છે એ પણ સમજાવ્યું. વર્સેલ્સની સંધિની અવગણના, જર્મનીના અપમાન બદલ મિત્ર રાષ્ટ્રો સાથે બદલો, જર્મનો માટે વિશાળ ભૂ-ભાગની પ્રાપ્તિ, એક હજાર વર્ષ ચાલનાર 'ધ થર્ડ રાઈખ' (ત્રીજું મહાન સામ્રાજ્ય), આ બધા મુદ્દાઓનો પ્રચાર નાઝી પાર્ટીએ જોરશોરથી કર્યો. એક રીતે 'માઈ કામ્ફ' નાઝીઓની બાઇબલ હતી, કારણકે તેઓ હિટલરને નવો, વધુ શક્તિશાળી જીસસ ક્રાઈસ્ટ માનતાં હતાં ! આશ્ચર્ય !!


'હેઇલ હિટલર !'નો નારો લગાવતા હિટલરના શાગિર્દો

સતત હાડમારી વેઠીને થાકેલાં, હતાશ જર્મનો આખરે હિટલરની વાતોમાં આવી ગયાં. હિટલર તેમને મન તેમનો એકમાત્ર તારણહાર હતો. ઇસવીસન ૧૯૩૩માં હિટલરે ચાન્સેલર (વડાપ્રધાન) તરીકે સત્તા સંભાળી, અને ૧૯૩૪માં પીઢ રાષ્ટ્રપતિ હિન્ડેનબર્ગના મૃત્યુ પછી રાષ્ટ્રપતિ બની બેઠો. 'લાઠી ભી મેરી, ઔર ભેંસ તો મેરી હી મેરી !' જેવો તાલ થયો. હિટલરની ઈચ્છા એટલે સંવિધાન, અને તેનો હુકમ એટલે કાયદો. રાજનીતિક સાફ સફાઈ પછી હિટલરે મુખ્ય મુદ્દાઓ હાથ પર લેવા શરૂ કર્યા.

'થર્ડ રાઈખ'નું સપનું સાકાર થવાનું શરૂ થયું, યહૂદીઓના ભોગે. શરૂઆત સામાજિક બહિષ્કારથી થઈ. યહૂદીઓ જોકે નજીકના ભવિષ્યમાં તેમનાં પર ઉતરી આવનાર ઓર વિકરાળ આફતોથી અજાણ હતાં, કાં તો હિટલરના મિજાજને તેમણે બરાબર ઓળખ્યો ન હતો. સમયસર જર્મનીથી ઉચાળા ભરી ગયાં હોત તો સારું થાત, પણ...!


પણ ઇતિહાસને લાલ શાહીમાં ઝબોળીને લખવાની કુદરતને કુટેવ છે. વીસમી સદીનું આ કાળમુખું પ્રકરણ આ વખતે લાખો યહૂદીઓનાં રક્તરૂપી શાહીથી લખાવાનું હતું. એટલે જ જે બન્યું એ તો બનવાજોગ હતું.

ક્રમશઃ

© JOBLESS YUVA

• નરેન્દ્રસિંહ રાણા

મૂવી ગોસિપ



હોલીવુડની સર્વશ્રેષ્ઠ ફિલ્મોની


સફર

બ્રિફિંગ

ગયા અંકમાં આપણે કેટલીક બેસ્ટેસ્ટ ફ્રોમ ધ બેસ્ટ મૂવીઝ વિશે જોયું હતું. જે દોસ્તોએ અહીં સજેસ્ટ કરેલી મૂવીઝ જોઈ હશે એમને ચોક્કસ મજા પડી હશે. વાંચો એ લિસ્ટની વધુ ફિલ્મો વિશે.

સ્વાગતમ દોસ્તો ! હોલીવુડની સર્વશ્રેષ્ઠ ફિલ્મોના લિસ્ટની સફરે આપ સૌનું ફરી સ્વાગત છે. આ શ્રેણી લખવાનું શરૂ કર્યા પછી આઈ.એમ.બી.ડી/IMBDના લિસ્ટમાં થોડા ફેરફાર થયેલ છે. જેમ,કે કોકો(2017) નામની હમણાં જ રિલીઝ થયેલી ફિલ્મ દર્શકોનો પ્રેમ મેળવીને સીધી જ આ લિસ્ટમાં સામેલ થઇ ગઈ છે અને તેના કારણે થોડા નંબર આગળ પાછળ થયા છે. જો કે આપણી સફર તો ચાલુ જ રહેશે. તો ચાલો શરૂ કરીએ...

40. રેઇડર્સ ઓફ ધ લોસ્ટ આર્ક(Raiders of the Lost Ark)(1981) :




સ્ટીવન સ્પીલબર્ગની રેઇડર્સ ઓફ ધ લોસ્ટ આર્ક "ઇન્ડિયાના જોન્સ" સિરીઝની પહેલી ફિલ્મ છે. ફિલ્મ "સ્ટાર વોર" વાળા જ્યોર્જ લુકાસે લખેલી વાર્તા પર આધારિત હતી. આ ફિલ્મનું નિર્માણ પણ જ્યોર્જ લુકાસે જ કર્યું હતું. ફિલ્મ એક એડવેન્ચર ફિલ્મ છે જેમાં આર્કિયોલોજીસ્ટ ઇન્ડિયાના જોન્સ અને નાઝીઓ એક પ્રાચીન પેટીની શોધમાં હોય છે, જેના દ્વારા હિટલર એક અજેય સેના ઉભી કરવા માંગતો હોય છે.

ફિલ્મ પહેલા દ્રશ્યથી જ તમને જકડી લે છે. ફિલ્મ તમને બે કલાક માટે એક જબરદસ્ત સાહસિક સફર પર લઇ જાય છે. ફિલ્મ તમને આર્કિયોલોજીના ક્લાસ રૂમ, સાઉથ આફ્રિકાના જંગલો, તિબેટના ઊંચા પ્રદેશો, ઇજિપ્તના રણ, સબમરીન છુપાવવાના ઠેકાણા, એક એકાંત ટાપુ અને બે ખોવાયેલી કબરોની સફર કરાવે છે. જો તમે સાહસકથાઓ વાંચવાના શોખીન હોય તો આ ફિલ્મ તમારે ફરજીયાત જોવી રહી.

આ ફિલ્મને તે વર્ષના આંઠ ઓસ્કર નોમિનેશન મળેલા. જેમાંથી તે ચાર ઓસ્કર એવોર્ડ પણ જીતી ગયેલી. આ ફિલ્મ એક સમયે વિશ્વમાં સૌથી વધુ કમાણી કરનાર ફિલ્મ હતી. ફિલ્મ યુ ટ્યૂબ પર મળી રહેશે.

"તમારે ભગવાન સાથે વાતો કરવી છે? ચાલો, આપણે તેની પાસે સાથે જઈએ. મારી પાસે અત્યારે તેના સિવાય બીજું કોઈ કામ નથી." - ધ રેઈડર્સ ઓફ ધ લોસ્ટ આર્કનો ડાયલોગ.

39. ધ પિયાનિસ્ટ(The Pianist)(2002) :



"ધ પિયાનિસ્ટ" રોમન પોલાન્સ્કીની બહેતરીન ફિલ્મો માંથી એક છે. " ધ પિયાનિસ્ટ" એક પિયાનો વગાડનાર યહૂદી સંગીતકારના જીવિત રહેવા માટેના સંઘર્ષની દર્દભરી કથા છે. આ ફિલ્મ એક સત્યકથા છે. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન વાલ્ડેસેવ નામના પોલેન્ડના યહૂદી સંગીતકારની આ સાચી આપવીતી છે.

"ધ પિયાનિસ્ટ" ફિલ્મનું જમા પાસું તેની પટકથા છે. પોલાન્સ્કી જેવા જીનિયસ ડાયરેક્ટરે સરસ માવજત સાથે આ ફિલ્મ બનાવી છે. પોલાન્સ્કીના નામે વિશ્વ સિનેમાની ઘણી સર્વશ્રેષ્ઠ ફિલ્મો બોલે છે.


આ ફિલ્મના અમુક દ્રશ્યો સાચે જ હચમચાવી દે તેવા છે. ત્રીજા માળેથી ફેંકવામાં આવતી અપંગ યહૂદી મહિલાનું અરેરાટી પૂર્ણ દ્રશ્ય હોય કે પછી યહૂદીઓને એક લાઈનમાં સુવડાવીને તેમના માથામાં ગોળી મારતો નાઝી ઓફિસર હોય, પોલાન્સ્કીએ આ બધા જ દ્રશ્યોનું વેધક ચિત્રણ કર્યું છે.

ફિલ્મના અંતે યુદ્ધના કારણે નાશ પામેલા ઘરના કાટમાળ વચ્ચે પિયાનો વગાડતા સંગીતકાર અને તેને સાંભળતા નાઝી ઓફિસરનું દ્રશ્ય અદ્વિતીય છે.

ફિલ્મમાં મુખ્ય પાત્ર ભજવનાર એડ્રીયન બ્રોડી અને પોલાન્સ્કીને અનુક્રમે બેસ્ટ એક્ટર અને બેસ્ટ ડાયરેક્ટરના ઓસ્કર

આ ફિલ્મ માટે મળેલા. આ સિવાય બેસ્ટ એડેપ્ટેડ સ્ક્રીન પ્લે નો ઓસ્કર પણ આ ફિલ્મને મળેલો.


38. મોર્ડન ટાઈમ્સ(Morden Times)(1936) :



આ લિસ્ટ ચાર્લી ચેપ્લિનની ફિલ્મો વગર અધૂરું રહે. આપણે ત્યાં ચાર્લી ચેપ્લિન એ માત્ર હાસ્યનો પર્યાય છે પણ હકીકતમાં ચાર્લી ચેપ્લિને વિશ્વને અદભુત ફિલ્મોની ભેંટ આપી છે. મોર્ડન ટાઈમ્સ તેમાની એક છે. આ ચાર્લી ચેપ્લિનની છેલ્લી સાઇલેન્ટ ફિલ્મ હતી. આ ફિલ્મ બની ત્યારે બોલતી ફિલ્મોનો યુગ શરૂ થઇ ચુક્યો હતો પણ ચાર્લીએ આ ફિલ્મ સંવાદો વગર બનાવવાનું નક્કી કર્યું. જો કે તેણે ફિલ્મમાં બીજા અવાજોનો ઉપયોગ કર્યો છે.


આ ફિલ્મથી ચાર્લીએ ફરી વાર સાબિત કરેલું કે તે સમય કરતા કેટલો આગળ હતો. આ ફિલ્મ ઔદ્યોગિક ક્રાંતિના કારણે મશીન જેવા બની ગયેલા માનવીના જીવન પર કટાક્ષ કરે છે. કદાચ એટલે જ આ ફિલ્મ અત્યારે પણ આપણને જોવી ગમે તેમ છે. અહીં, ચાર્લી એક મુફલિસની ભૂમિકામાં છે કે જેને એક કારખાનામાં કામ મળે છે. ધીરે ધીરે તેનો પણ આ યાંત્રિક અર્થતંત્રમાં એક યંત્રની જેમ સમાવેશ થઇ જાય છે. મોર્ડન ટાઈમ્સ પણ યુ ટ્યૂબ પર મળી રહેશે.

37. ધ ઇનટચેબલ્સ.(The Intouchables)(2011) :



આ મૂળ એક ફ્રેન્ચ ફિલ્મ છે. આ ફિલ્મને અંગ્રેજીમાં ડબ કરીને રજુ કરવામાં આવી હતી. આ ફિલ્મ પ્રમાણમાં ઓછી જાણીતી ફિલ્મ છે. ફિલ્મની કથા એક શ્વેત અપંગ વ્યક્તિ અને તેની સંભાળ રાખવાવાળા અશ્વેત વચ્ચેની મિત્રતાની છે. ફિલ્મનું જમાપાસું બન્ને મુખ્ય પુરુષ અદાકારો વચ્ચેની કેમેસ્ટ્રી છે. ફિલ્મ સત્યઘટના પર આધારિત છે. મનુષ્ય હંમેશા સાથ ઝંખતો હોય છે. મનુષ્ય સ્વભાવની આ ખાસિયત આ ફિલ્મમાં સારી રીતે દર્શાવવામાં આવી છે. આ ફિલ્મ પણ નેટ પર મળી રહેશે. આ ફિલ્મ તમને ઋષિકેશ મુખર્જીની ફિલ્મોની યાદ અપાવશે.

36. સીટી લાઈટસ(City Lights)(1931) :



સીટી લાઈટસ ચાર્લી ચેપ્લિનની એક અમર મૂક ફિલ્મ છે. આ ફિલ્મ પણ લગભગ બધાએ જોઈ હશે. ફિલ્મને ચાર્લી ચેપ્લિને જ ડાયરેક્ટ કરેલી હતી. આ ફિલ્મની વાર્તા પણ તેણે જ લખેલી હતી. ફિલ્મની કથા છે એક રસ્તે રજળતા મુફલિસની જે એક ફૂલ વેચવાવાળી આંધળી છોકરીના પ્રેમમાં

© JOBLESS YUVA

પડે છે. ફિલ્મ એક ટ્રેજિક કોમેડી છે. ફિલ્મનો હીરો એ છોકરીને મદદ કરવા તમામ પ્રયત્નો કરે છે. ફિલ્મનું છેલ્લું દ્રશ્ય હૃદયસ્પર્શી છે. આ ફિલ્મને કોઈ એવોર્ડની જરૂર નથી. આ ફિલ્મ વિશ્વ ઇતિહાસની શ્રેષ્ઠ ફિલ્મોના કોઈ પણ લિસ્ટમાં વટભેર સામેલ થઇ શકે તેમ છે.

ફિલ્મનો ફેમસ બોક્સિંગવાળો સીન વિશ્વ સિનેમાનો સૌથી કોમેડી સીન છે. ચેપ્લિનની ફિલ્મો વૈશ્વિક અપીલ ધરાવતી હોય છે. ચેપ્લિનને ક્યારેય દેશ કે ભાષાની દીવાલો નથી નડી. ચેપ્લિનના ફેમસ પાત્રનો ફોટો કોઈને પણ બતાવો તે તરત ઓળખી જશે. ચેપ્લિનને બોલતી ફિલ્મો નહોતી ગમતી. તેઓ માનતા કે ભાષા દેશો વચ્ચેનું અંતર વધારે છે. આ માન્યતાને કારણે જ બોલતી ફિલ્મોનો જમાનો શરૂ થઇ ગયો હોવા છતાં "સીટી લાઈટસ" અને "મોર્ડન ટાઈમ્સ" જેવી મૂક ફિલ્મો તેમણે બનાવી. આ ફિલ્મ પણ યુ ટ્યૂબ પર હાજર છે.

"કોઈ પણ કોમેડીને નજીકથી નિહાળશો તો તમને તેમાં છુપાયેલી ટ્રેજેડી દેખાશે." - ચાર્લી ચેપ્લિન.

35. કાસાબ્લાન્કા(Casablanka)(1942) :

કાસાબ્લાન્કા પણ સીટી લાઈટસની જેમ વિશ્વ સિનેમાની શ્રેષ્ઠ ફિલ્મોના કોઈ પણ લિસ્ટમાં સમાવેશ પામી શકે તેવી ફિલ્મ છે. કાસાબ્લાન્કાની પટકથા વિશ્વ સિનેમાના ઇતિહાસમાં લખાયેલી સર્વશ્રેષ્ઠ પટકથાઓમાં સ્થાન પામે છે.




કાસાબ્લાન્કા કથા છે બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન મોરક્કોના કાસાબ્લાન્કા શહેરમાં એક બાર ચલાવતા નાયકની જેને બન્ને તરફના લોકો(નાઝી અને મિત્રરાષ્ટ્રો)થી કોઈ જ મતલબ નથી. શહેર કોઈ પણ સમયે નાઝીઓના હાથમાં જઈ શકે તેમ છે. નાયક પોતે સ્વાર્થી છે. તેને પોતાની જાતને બચાવવા સિવાય બીજી કોઈ બાબતમાં રસ નથી. એક રાત્રે તેના બારમાં તેની ભુતપૂર્વ પ્રેમિકા આવે છે કે જે હવે એક ફ્રેન્ચ ક્રાંતિકારી સાથે છે. અને ત્રણેય પાત્રો વચ્ચે સર્જાય છે, પ્રેમ, ફરજ અને દોસ્તીની પરીક્ષા લઇ લેતી ઘટનાઓ.

ફિલ્મની હિરોઈન ઇન્ગ્રીડ બર્ગમેનને તમે હોલીવુડની મધુબાલા કહી શકો. તેને આ ફિલ્મમાં નિહાળવીએ સાચે જ એક લાહવો છે. ફરજ અને પ્રેમ વચ્ચે પસંદગી કરવા મથતા નાયક તરીકે હમ્ફ્રી બોગાર્ટ સાચે જ પોતાનું પાત્ર જીવી ગયો છે. આ ફિલ્મ પરથી પ્રેરણા લઈને ઘણી હિન્દી ફિલ્મો બની છે એટલે કદાચ આ ફિલ્મ તમને ખાસ ન પણ લાગે. ફિલ્મ યુ ટ્યૂબ પર મફત જોઈ શકશો.

"જયારે દોસ્તો અને દેશ વચ્ચે પસંદગી કરવાની આવે ત્યારે ભગવાન મને દોસ્તોને પસંદ કરવાની તાકત આપે." - કાસાબ્લાન્કા ફિલ્મનો સંવાદ.

34. સાયકો(Psycho)(1960) :

આ ફિલ્મ વિશે જેટલું લખાય તેટલું ઓછું છે. આ ફિલ્મ સસ્પેન્સના




બાદશાહ આલ્ફ્રેડ હિચકોકની સર્વશ્રેષ્ઠ ફિલ્મો માંથી એક છે. આ ફિલ્મનું બાથરૂમમાં ખૂન વાળું પ્રખ્યાત દ્રશ્ય લગભગ બધાએ જોયું જ હશે. દ્રશ્ય એટલું અસરકારક રીતે ફિલ્માવવામાં આવેલું કે ફિલ્મની હિરોઈનને વર્ષો સુધી એવું લાગતું કે કોઈ સાચે જ તેને બાથરૂમમાં મારી નાખશે. ફિલ્મનું મુખ્ય પાત્ર ખુબ જ પ્રખ્યાત થયું હતું. ફિલ્મનો ઓરીજનલ સેટ હજુ સાચવી રાખવામાં આવ્યો છે. આ

ફિલ્મની પ્રસિદ્ધિને વટાવવા માટે ફિલ્મના બીજા ભાગો પણ હિચકોકનાં મૃત્યુ પછી બનાવવામાં આવ્યા હતા. જે કમનસીબે પહેલા ભાગ જેટલા સફળ નહોતા થયા.

ફિલ્મની કથા છે ચાલીસ હજાર ડોલરની ઉચાપત કરીને ભાગી જતી એક યુવતીની, જે રસ્તામાં એક મોટેલમાં રાતવાસો કરે છે. મોટેલનો માલિક નોર્મન બેટસ પોતાની માતાની સાથે રહેતો એક સીધોસાદો યુવાન છે. આ પછી અણધારી ઘટનાઓ બનવાની શરૂઆત થાય છે.

આ એક વિચિત્ર મર્ડર મિસ્ટ્રી જે ભલભલાને ધ્રુજાવી દેવા સક્ષમ છે. એન્થોની પર્કિન્સે નોર્મન બેટસ તરીકે જબરદસ્ત અભિનય કર્યો છે. ફિલ્મની ખાસિયત એ છે કે જેમ જેમ ફિલ્મ આગળ વધે છે તેમ તેમ તેના મુખ્ય પાત્રો બદલાતા જાય છે. ફિલ્મની વાર્તામાં આવતા અવનવા વળાંકોને કારણે ફિલ્મ પ્રેક્ષકોને જકડી રાખે છે. આ ફિલ્મ પણ યુ ટ્યૂબ પર મળી રહેશે.

33. ધ ગ્રીન માઈલ(The Green Mile)(1999) :




આ ફિલ્મ પણ ઓછી જાણીતી છે. ફિલ્મ આધારિત છે હોરર કથાઓના બાદશાહ સ્ટીફન કિંગની નવલકથા પર. ફિલ્મની કથા છે એક મૃત્યુદંડની સજા પામેલા કેદીની જે જેલમાં તેની આસપાસના કેદીઓ અને અધિકારીઓના જીવન બદલી નાખે છે. વ્યક્તિના દેખાવ અને રંગના આધારે લોકો તેના વિશે ખોટી માન્યતાઓ બાંધી લેતા હોય છે. ફિલ્મમાં આ વાતનું સરસ રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ફિલ્મ હેન્રી ડોરમોન્ટે ડાયરેક્ટ કરી છે. તેમના નામે આ લિસ્ટમાં બીજી પણ એક ફિલ્મ બોલે છે જે આપણે સમય આવ્યે જોઈશું. આ ફિલ્મ તે વર્ષે ઓસ્કર એવોર્ડ માટે ચાર કેટેગરીમાં નોમિનેટ થયેલી. આ ફિલ્મ તમને ટીવી અને ઇન્ટરનેટ પર ચોક્કસ મળી રહેશે.

"મૃત્યુ એ આપણા સૌની છેલ્લી મંજિલ છે પણ ક્યારેક ત્યાં સુધી પહોંચવા માટેનો માર્ગ ઘણો લાંબો હોય છે." - ગ્રીન માઈલ.

32. વન્સ અપોન અ ટાઈમ ઈન ધ વેસ્ટ(Once Upon a time in the west)(1968) :

આ પણ મૂળ એક ફ્રેન્ચ ફિલ્મ છે, જે હોલીવુડમાં રજુ થઇ હતી. આ એક વેસ્ટર્ન કાઉબોય ફિલ્મ છે. આવી ફિલ્મોની અસર આપણી બોલીવુડની સીતેર અને એંશીના દાયકાની ફિલ્મો પર ઘણી જોવા મળે છે. આ ફિલ્મને જોઈને તમને હોલીવુડની બીજી એક ક્લાસિક ફિલ્મ "ધ ગુડ, ધ બેડ એન્ડ ધ અગ્લી" ચોક્કસ યાદ આવી જશે. આ બન્ને ફિલ્મો સર્જીયો લિઓને ડાયરેક્ટ કરી છે. આ ફિલ્મને વિવેચકો કરતા પ્રેક્ષકોનો પ્રેમ વધારે મળ્યો હતો.

ફિલ્મની કથા છે એક વિધવાની જેનો જીવ, હત્યારાઓથી બચાવવા બે અપરાધીઓ અને એક માઉથ ઓર્ગન વગાડતો અજાણ્યો વ્યક્તિ સાથે મળીને પ્રયત્ન કરે છે. તમને આ કથા સાંભળેલી કે જોયેલી લાગશે કારણ,કે આ જ કથા પરથી સિત્તેરના દાયકામાં આપણે ત્યાં ઘણી ફિલ્મો બનેલી. આ ફિલ્મ પણ યુ ટ્યૂબ પર મળી રહેશે.




31. ઇન્ટરસ્ટેલર(Interstellar)(2014) :

ક્રિસ્ટોફર નોલેનની બેસ્ટ સાયન્સ ફિક્સન ફિલ્મ એટલે ઇન્ટરસ્ટેલર. આ ફિલ્મ કદાચ બધાએ જોઈ હશે. મગજનું દહીં થઇ જાય તેવી પટકથા છતાં ય ફિલ્મ ચોક્કસ જોવા જેવી છે. ફિલ્મનું બેકગ્રાઉન્ડ મ્યુઝિક અને ફિલ્માંકન જબરદસ્ત છે. ફિલ્મ તમને વર્મહોલ, બ્લેકહોલ, ગેલેક્સીના છેડે આવેલા ગ્રહો સુધીની સફર કરાવે છે. આ ફિલ્મ માટે નોલાને ઘણા ભૌતિક વૈજ્ઞાનિકોને પણ સાથે લીધેલા.

ફિલ્મની કથા છે એક પાયલોટની જે એક વૈજ્ઞાનિકોની ટીમ સાથે મૃતપ્રાય પૃથ્વી પર જીવી રહેલી માનવજાત માટે, એક નવો વસવાટ કરવા લાયક ગ્રહ શોધવા નીકળે છે. ફિલ્મની કથા સાથે રિલેટીવિટી, બ્લેક હોલમાં રહેલી સિંગ્યુલારિટી અને પાંચમા પરિમાણ જેવા અઘરા વિષયોને વણી લેવામાં આવ્યા છે. ફિલ્મ માનવ સ્વભાવના સારા-ખરાબ પાસાઓને પણ દર્શાવવામાં સફળ રહી છે. આ ફિલ્મને તે વર્ષનો બેસ્ટ વિઝ્યુઅલ ઇફેક્ટનો ઓસ્કર મળેલો. સાયન્સ ફિક્સન ફિલ્મોના રસિયાઓ માટે એક ફરજીયાત જોવા જેવી ફિલ્મ.

"મનુષ્યજાતનો જન્મ પૃથ્વી પર થયો છે પણ તે અહીં અંત પામવા સર્જાઈ નથી." - ઇન્ટરસ્ટેલર.



આ હતી ચાલીસથી એકત્રીસ નંબર સુધીની ફિલ્મો. આશા છે કે તમે સૌ આ ફિલ્મો ચોક્કસ નિહાળશો.

- નરેન્દ્રસિંહ રાણા

© JOBLESS YUVA

• હર્ષ મેહતા

સાયન્સ ટૉક




રોજબરોજની ચીજોની અવનવી માહિતી




બ્રિફિંગ

રાજબરોજનાં જીવનમાં અનેક વસ્તુઓનો ઉપયોગ થાય છે, ખરુંને ? પણ શું તમે જાણો છો કે તમે જે વસ્તુ જે કામ માટે વાપરો છો એ ખરેખર બીજા કામ માટે બની છે ? વાંચો અહીં કેટલીક એવી જ વસ્તુઓ વિશે, જેનું અસલી કામ અજાણ્યું છે.

અંક: ૦૨. ફેબ્રુઆરી, ૨૦૧૮

આગળના અંકમાં મહાન વૈજ્ઞાનિક ચાર્લ્સ ડાર્વિનની બહુચર્ચિત થિઓરી 'ઉત્ક્રાંતિવાદ'ની અમુક મર્યાદાઓ જોઈ. એનાથી એટલું તો જરૂરથી સાબિત થાય છે કે કોઈ પણ નિયમ કે સિદ્ધાંત ભલે ગમે એટલો સાચો માની લેવાય, પણ જ્યાં સુધી એને 360° જેટલું ફેરવી, ઉલ્ટાવી - સુલ્ટાવીને ના જોઈએ ત્યાં સુધી તેમાં રહેલ ભૂલો કે ખામીઓની ખબર પડતી નથી. જો કે એ તો માનવું જ રહ્યું કે એ સમયમાં તેમણે કરેલ ખોજ એ બહુ મહાન હતી. એટલે જ આજે આપણી પાસે આટલી અદ્યતન ટેકનોલોજી હોવા છતાં આપણે આપણી શંકાઓનું સમાધાન કરવા જૂના ગ્રંથો ઉપાડવા જ પડે છે. એ ગ્રંથો તો ખરેખર આપણા મહાન વૈજ્ઞાનિકો ની જ ભેટ છે.

જોકે, આ વખતે મારો વિષય કંઈક જુદો જ છે. હાલના યુગમાં વિજ્ઞાનમાં રોજેરોજ નવી નવી શોધો થતી જ રહે છે. કાલે લગભગ અશક્ય મનાયેલી શોધો આજે 100% શક્ય બની છે. એવું પણ બની શકે કે આપણી આવતી કાલ આપણા વિચારોમાં જે ફક્ત કલ્પનાઓ રહેલી છે તે તેને એક નક્કર સ્વરૂપ આપી દે તથા દુનિયા સમક્ષ એક નવો આવિષ્કાર બની જાય !

આપણે આજે આપણા નાનામાં નાના તથા એકદમ મોટા કામ-કાજ માટે લગભગ અગણિત ચીજ વસ્તુઓનો ઉપયોગ કરીએ છીએ. કોઈ ખાસ કામ માટે બનાવેલી વસ્તુનો ઉપયોગ આપણે બીજા કામ માટે પણ કરી લઈએ છીએ અને ક્યારેક એવું બને છે કે જે કામ માટે જે વસ્તુ બનાવાઈ હતી તેનો ઉપયોગ એ કામ માટે ભાગ્યે જ થાય છે.

વળી કેટલીક વસ્તુઓ તો એવી પણ હોય છે કે જેનો ઉપયોગ આપણે બરોબર રીતે જાણી નથી શકતા. એટલે ભૂલથી પણ એનો ખોટો ઉપયોગ થયા કરે છે, તો ક્યારેક કેટલીક ચીજ પર છાપેલી સંજ્ઞાઓનો મતલબ આપણે બરોબર ખબર હોતી નથી. ઘણીવાર એ સંજ્ઞાઓને સમજ્યા વગર એનો થતો ઉપયોગ હાનિકારક પણ બને છે.

આ અંકમાં હું તમારા માટે કેટલીક એવી જ રોજબરોજની ચીજો વિશેનું થોડુંક જ્ઞાન વધારવા જાણકારી લઈને આવ્યો છું. આમાંની અમુક ચીજો વિશે તમે જાણતા હો તેવું બની શકે પણ એના સિવાય કેટલીક ચીજોની માહિતી જરૂર મળશે જ કે જે હવે પછી જ્યારે વપરાશમાં આવશે ત્યારે તમને તુરંત યાદ આવશે કે એના વિશે ક્યાંક વાંચેલું છે...!

1) આઈ-ફોનમાં પાછળની બાજુએ આવેલો એક હોલ કે જે ફ્લેશ અને રિઅર કેમેરા વચ્ચે આવેલો હોય છે.

આઈ ફોનનું નામ પડતા જ કેટલાક લોકોનું મોઢું મલકાઈ ઉઠે. આમેય આઈફોન પ્રત્યે કૂણી લાગણી ધરાવતો એક વર્ગ લગભગ પુરી દુનિયામાં રહેલો છે (ભલે ખરીદશક્તિ હોય કે ના હોય) .



આઈ-ફોનની એક ખાસ વાત છે કે તે દરેક વખતે પોતાના ગ્રાહકો માટે કંઈકને કંઈક નવા ફીચર લાવી પોતાનું આકર્ષણ જાળવી જ રાખે છે. આ નવા ફિચરની તે જાહેરમાં ઘણી માર્કેટિંગ કરે છે (જેમ કે હમણાં લોન્ચ થયેલા આઈ ફોન માં ફેસ સ્કેનર છે કે જેની મદદથી હવે ફોન ચહેરાની મદદથી અનલોક કરી શકાશે.)

એના સિવાય પણ આઈ ફોન ઘણા વધારાના ફીચર આપે છે કે જેનાથી તમારા ઓડિયો, વિસુઅલ્સ તેમજ વિડીઓગ્રાફીને વધુ સારો અનુભવ મળે છે.

આવુંજ એક ફીચર એના નવા લોન્ચ થયેલા ફોનમાં જોવા મળે છે: જો તમે આઈફોનની પાછળની બાજુએ જોશો તો એમાં એના કેમેરા અને સેન્સર વચ્ચે એક નાનકડું હોલ જેવું આપેલ છે.

જો કે, કેમેરા તથા સેન્સર આપી દીધા હોવાથી આ હોલનો વધુ પડતો ઉપયોગ શું હશે એની ઘણાંને ખબર હોતી

© JOBLESS YUVA

નથી.પણ હકીકતમાં આ એક વધારાનું માઇક્રોફોન છે. તેને આપવાનું કારણ હવે સમજીએ:

- આજે આઈફોન આવા બધા ફોનમાં રિઅર કેમેરા - સુપ્રીમ ક્વોલિટીનો આપે છે, એટલે જ્યારે ફોટો કે વિડિઓ રેકોર્ડિંગ કરવું પડે ત્યારે સારામાં સારી ગુણવત્તા મળી શકે. પણ ઘણીવાર



વિડિઓ રેકોર્ડિંગ કરતી વખતે આજુબાજુના અવાજો પણ વિડિઓમાં આવી જાય છે, જે છેલ્લે વિડિઓની ગુણવત્તાને એકદમ બગાડી નાખે છે.

- એવું ન થાય તે માટે આ હોલ એટલે કે એડિશનલ સપોર્ટરનો ઉપયોગ થાય છે, એટલે આ માઇક્રોફોન વિડિઓ રેકોર્ડિંગ વખતે ફક્ત વિડિઓની રેન્જના અવાજોને જ કેપ્ચર કરે છે એટલે કે ઝડપી લે છે અને આવી રીતે ખૂબ સારી ક્વોલિટીના ઓડિયોથી વિડિઓની ગુણવત્તા પણ જળવાઈ રહે છે.

- તો હવે એવું ન વિચારતા કે આ હોલ ફક્ત સારા દેખાવ માટે જ છે. કેમકે કોઈ પણ કંપની ફક્ત સારા દેખાવ માટે જ એક્સ્ટ્રા માઇક્રોફોન આપી દે એટલી તો મૂર્ખ ન હોય !

2) કટર પર બનાવેલ લાઈનો જે સમાન અંતરે આખી બ્લેડ પર હોય છે.

- જો તમે કયારેક કટર કે પ્રમાણમાં મોટી બ્લેડનો ઉપયોગ કર્યો હશે તો ખબર હશે કે એની આખી સપાટી ઉપર સમાન અંતરે થોડા કાપા પડેલા હોય છે. આ કાપા શરૂઆતથી લઈને છેલ્લે સુધી સમાન અંતરે આવેલા હોય છે



- જોકે આ કટર નથી પણ આને X-ACTO નાઈફ એટલે કે ચાકુ કહે છે. આનો ઉપયોગ સામાન્ય જાડા કાગળથી માંડીને મધ્યમ જાડાઈની ચીજ વસ્તુઓને કાપવા માટે થાય છે .

- હવે વાત કરીએ તેમાં ઝીણવટપૂર્વક પાળેલા કાપાઓની: આ કાપાઓ કોઈ ચોકકસ ખૂણા (ANGLE) પર પાડવામાં આવ્યા હોય છે ને આ ખૂણો આખી બ્લેડમાં એકસમાન જ રહે છે. અહીજ એનું મહત્વ વધી જાય છે. ખરેખરમાં આનો ઉપયોગ બ્લેડની લાઈફ એટલેકે એનો કાર્યકાળ વધારવા થાય છે. જેમ બ્લેડની ધાર ઘસાતી જાય એમ એની કાર્યક્ષમતા ઘટતી જાય છે. આમેય બ્લેડનો આગળનો જ ભાગ તીક્ષ્ણ હોય છે. એટલે એકવાર એ ઘસાઈ જાય પછી બુઠ્ઠા ભાગ વડે જ કામ કરવું પડે છે, એવામાં વસ્તુ બરોબર કપાઈ શકતી નથી .

- આવી પરિસ્થિતિમાં જો આપણે આ કાપાના ઉપયોગ ન જાણતા હોઈએ તો એ બુઠ્ઠો ભાગ ખરી ન જાય ત્યાં સુધી રાહ જોવી પડે છે. પણ એટલી રાહ જોવાની જરૂર નથી. આપણે આ કાપાની મદદથી એ ભાગને દૂર કરી શકીએ છીએ. જેથી નવી ધાર મળી જાય અને સારી રીતે કટિંગ થઈ શકે. આમ, જેટલા વધુ કાપા હોય એટલી વધારે સારી વાર આપણે બ્લેડનો ઉપયોગ કરી શકશું.

- એટલે હવે બીજી વાર જયારે બ્લેડની ધાર બુઠ્ઠી થઈ જાય ત્યારે રાહ જોતા બેસી ન રહેજો, કાપા પાસે હળવેકથી બ્લેડને વાળજો, એટલે તુરંત નવી બ્લેડ હાજર.

3) ફેબ્રિકનો નાનકડો ટુકડો જે નવા કપડાં સાથે આવતો હોય છે.

© JOBLESS YUVA

- આહા ! નવા કપડાંમાંથી આવતી સુગંધ તો કંઈક ઓર જ હોય છે ને એ નવા કપડાં પહેરીને બહાર નીકળવાનો વટ પણ અલગ જ હોય છે ! જો કે આ કપડાં સાથે કંપની પ્રાઇસ ટેગ સિવાય કશું આપતી નથી ! (હા, દુકાનદાર પોતાની દુકાનના નામ વાળી પ્રિન્ટેડ થેલી ચોક્કસ આપે છે.)



- પણ તમે નોંધ્યું હશે કે, કયારેક કોઈ કપડાંની ખરીદી કરીએ ત્યારે એક એક્સ્ટ્રા નાનકડો ફેબ્રિકનો કપડો પણ આપણને મળે છે .

- આ ટુકડો શર્ટ કે પેન્ટ ના પાછળના ભાગમાં લગાડેલ હોય છે. જોકે પહેલી નજરમાં ઘણા ને જોતા એમજ લાગે કે આ કોઈ પેચ કે થિંગડું છે. એટલે આપણને એમજ લાગે કે જ્યારે શર્ટ કે પેન્ટ ફાટી જાય ત્યારે એની જગ્યાએ લગાડવા માટે એનો ઉપયોગ કરાતો હશે. પણ એને આપવાનું કારણ બીજું જ છે.

- આ કપડાંનું મટીરીયલ તમે ખરીદેલા પેન્ટ કે શર્ટનું જ હોય છે. એટલે એનો એક ફાયદો છે: આજે બજારમાં કાપડના ઘણા પ્રકાર તથા ઘણી સ્પેશિયાલિટી જોવા મળે છે. એટલે એકવાર પહેર્યા પછી જ્યારે કપડાં ધોવામાં જાય ત્યારે આપણો વોશિંગ પાવડર કે પછી સાબુ એના પર કેવી રીતે અસર કરશે એ જાણવું જરા અઘરું બની ગયું છે. ઘણીવાર મોંઘાદાટ કપડાઓમાં આપણી જરા સરખી ભૂલને લીધે બીજા કપડાંના રંગ લાગી જાય છે, કે પછી કોઈક કોઈક ઠેકાણે દાગ લાગી જાય છે. ક્યારેક કપડું પોતે કલર છોડે છે ને ઝાંખું પડી જાય છે.

- આવી હાલતમાં નવા નકોર લીધેલા કપડાને ખાતરી કર્યા વગર ધોવા ન આપી શકાય . બસ, આ ફેબ્રિકનો ટુકડો એ જ કામ કરી આપે છે. અસલ મટીરીયલથી બનેલ આ ટુકડાને વોશિંગ મશીન કે હાથથી ધુઓ ને એના પર જે અસર થાય એ જ સાચી. એટલે ફક્ત થોડીજ વારમાં અસલ કપડાને ધોશું તો શું હાલત થશે ? એ જણાઈ જાય છે. એટલે આ ટુકડો એક ટેસ્ટ મટીરીયલ જેમ વર્તે છે. છે ને સસ્તોને સારો આઈડિયા?

- જોકે આ ટુકડા સાથે ક્યારેક એક એક્સ્ટ્રા બટન પણ આપેલ હોય છે. પણ એનું કોઈ ખાસ કામ નથી સિવાય કે કોઈ બટન તૂટી કે ખોવાઈ જાય !



4) મેક-અપના સાધનો પર આપવામાં આવતી કેટલીક નિશાનીઓ

-આજે બજારમાં મહિલાઓ તો ઠીક પણ પુરુષના પણ વિવિધ પ્રકારના મેક-અપ કરવાના સૌંદર્ય - પ્રસાધનોની ભરમાર જોવા મળે છે. ચહેરા પર હળવો કે થોડો ભારે મેક-અપ કરવાથી એક અલગ જ પ્રકારનો ઉઠાવ જોવા મળે છે. પણ આ બધા પ્રસાધનો મોટે ભાગે ચહેરા માટે એકદમ સુરક્ષિત નથી હોતા.

- જ્યારે કોઈ મોટી કંપની એટલે કે ઇન્ટરનેશનલ માર્કેટ ધરાવતી કંપની પોતાના પ્રોડક્ટસ બહાર પાડે છે, ત્યારે એ વાતનું ચોક્કસ ધ્યાન રાખે છે કે તેની બધી પ્રોડક્ટસ બધી આબોહવામાં રહેતા લોકો માટે ફાયદાકારક હોય. આવું શક્ય બને એ માટે એ એવી જ પ્રોડક્ટસ મોટે ભાગે બનાવે છે કે જે બધા વાતાવરણમાં રહેતા લોકો માટે કામ આવી શકે. આ માટે તે ખાસ એ પ્રોડક્ટ પર સ્કિન ટાઈપ લખે છે. આ ઉપરાંત અમુક તાપમાન અને ભેજની પણ ચોક્કસ માત્રા પણ બતાવે છે કે જેનાથી પ્રોડક્ટ લાંબો સમય રહી શકે.

- આ બધું લગભગ પ્રસાધનોમાં સામાન્ય હોય છે. પણ અમુક ચહેરા પર મેકઅપ કરવાના સાધનોમાં (ખાસ કરીને વિદેશના) અલગ અલગ સંજ્ઞાઓ પણ વપરાય છે. જેમકે કેટલાક પર 6M , 24M જેવું ચિત્રણ હોય છે. આ ઉપરાંત ક્યારેક 12M, 18M પણ



અંકિત કરેલા હોય છે.પણ વધુ પડતા લોકો એના પર ધ્યાન આપતા નથી.

- આ સંજ્ઞા સમય વિશે બતાવે છે. 6M કે 18M નો અર્થ અનુક્રમે 6 મહિના તથા 18 મહિના એવો થાય છે. એ તો જાણીતું છે કે વધારે સમય મેક-અપનો ઉપયોગ કરતા રહીએ તો ચહેરા પર ખરાબ અસર થાય છે. ચહેરા પર રિએક્શન થવાની કે એલર્જી થવાની સંભાવના વધી જાય છે. આવા સમયે આવી સંજ્ઞાઓ ઉપયોગી થઇ પડે છે . 6M જેવી સંજ્ઞાઓ એમ સૂચવે છે કે , એકવાર બોક્સ ઓપન કાર્ય પછી લગભગ 6 મહિના સુધી એનો ઉપયોગ કરી શકાય . આ થોડુંક અજુગતું છે કેમકે ખાણી-પીણીના સાધનો પર ચોક્કસ મુદત એટલે કે એક્સપાયર થવાની તારીખ ચોક્કસ લખેલી હોય છે . પણ મેકઅપના સાધનોમાં આવું પણ ક્યારેક જોવા મળે છે. તેઓ MFD. એટલેકે મેનુફેક્ચરિંગ તારીખ કરતા PAO. ને વધુ મહત્વ આપે છે. આ PAO = Period After Open .

- એટલે હવે પછી જો બોક્સ પર 12M (સમજીલો કે), લખેલું છે. તો એનો મતલબ એમ છે કે પહેલી વાર બોક્સ ઓપન કરી લીધા પછી એ વધુમાં વધુ 12 મહિના એટલે કે એક વર્ષ જેટલા ઉપયોગ માટે કાર્યક્ષમ છે . પણ પછી એનો ઉપયોગ હિતાવહ નથી. (જોકે , મોંઘાદાટ પ્રસાધનો ફેંકી દેતા જીવ તો ન ચાલે પણ શું થાય ?)

5) સ્નિકર શૂઝમાં એકદમ નીચે આવેલા વધારાના બે થી ચાર હોલ્સ.

- આજે ફેશનની દુનિયામાં જો કોઈ મોંઘા કે મનમોહક શૂઝ વડે કદમ રાખો તો તમારો વૈભવ કંઈક ઓર જ હોય. આજે વિવિધ પ્રસંગને અનુરૂપ માર્કેટમાં વિવિધ પ્રકારના શૂઝ સરળતાથી મળી જાય છે. માર્કેટમાં સ્નિકર્સ, લોફર, કેસૂઅલ, પાર્ટીવિઅર અને એના જેવા કેટલાય શૂઝની ડિમાન્ડ છે. તેમાંય વળી સ્પોર્ટ્સના શૂઝની તો અલગ બોલબાલા છે. આવામાં બધા શૂઝ વિશે થોડું થોડું જાણવું જરૂરી બની જાય છે.

- પણ આ બધામાં સ્નિકર્સ શૂઝનું આકર્ષણ કંઈક વિશેષ છે. એમાંય વળી કનવર્સ (CONVERSE) શૂઝનું ચલણ ઘણું વધતું જાય છે. આ પ્રકારના શૂઝ નીચેથી આકર્ષક સોલ ધરાવતા, ફેશનેબલ તથા પહેરવામાં સરળ હોય છે. આમેય સ્નિકર્સમાં અંદર મોજા(SOCKS) પહેરવાની જરૂર રહેતી નથી. પણ કનવર્સ સ્નિકર્સમાં થોડું અલગ જોવા મળે છે. આ શૂઝમાં નીચેના ભાગમાં બે એક્સ્ટ્રા હોલ્સ જોવા મળે છે.



- લોકોની માન્યતા પ્રમાણે આ હોલ્સ નીચે પૈકી કોઈ બે કારણથી આપેલા હોવા જોઈએ:

૧) ફેશન માટે : કેમકે નીચે આપેલા હોલ્સથી એની બહારની બાજુ વધુ સારી દેખાય છે .

૨) શૂઝને વધુ ટાઈટ કરવા માટે : ઘણા લોકો આ વધારાના હોલ્સમાં દોરી (Les) ભરાવીને એને વધુ ટાઈટ પહેરે છે, જેથી બિચારા શૂઝ ચપોચપ પગ સાથે ભીડાઈ જાય છે.

- જો કે, આ બંને માન્યતાઓ એક યા બીજા તર્કથી સાચી છે. પણ આ હોલ્સ આપવાનું મુખ્ય કારણ બીજું જ કંઈક છે: જ્યારે આ કનવર્સ શૂઝ શરૂઆતમાં બનાવવામાં આવ્યા ત્યારે એનું મુખ્ય

© JOBLESS YUVA

પહેરણ એના સોલથી બહુ ઊંચું રખાતું. એટલે એ શૂઝ તમારી એડીથી કરીને બહુ ઊંચે સુધી પગને ઢાંકી દેતા. આમ, આવા શૂઝ એક અલગ જ પ્રકારનો લૂક પગને આપતા. પણ આને પહેરવામાં તકલીફ પડતી તથા પગમાં હવા આવજા ન કરી શકતી હોવાથી , વધારે વાર પહેર્યા બાદ પગની હાલત ખરાબ થઈ જતી.

- આમ, હવે તમે પણ કારણ જાણી ગયા હશો એમ , વધારે હવાનું સર્ક્યુલેશન થાય એ માટે જ આ વધારે હોલ્સ નીચેના ભાગમાં આપવામાં આવ્યા. એટલે પગ બિચારા ગરમીમાં રિબાઈ ન જાય ને ઓક્સિજન પૂરતું મળતું રહે.



- જોકે, સમયાંતરે કનવર્સ સ્નિકર્સની નવી - નવી ડિઝાઇન માર્કેટમાં આવતી ગઈ. એટલે એના સોલ હવે મુખ્ય પહેરણથી સામાન્ય જ અંતરે મુકાયા. એટલે આ શુઝની સાઈઝ હવે બીજા શુઝની સાઈઝ જેટલીજ બની ગઈ. પણ એમાં નીચે હોલ્સ આપવાનો જે ચીલો ચિતરાયો તે પછી ન બદલાયો. એટલે મોટા ભાગના કનવર્સ શૂઝમાંય નીચે બે હોલ્સ હોય છે.............

આજે , અમુક ચીજો વિશે હવે આપણે જાણી ગયા છીએ. તો આવતા અંકે વધુ કેટલીક આવી જ ચીજોની રસપ્રદ માહિતી જાણવા માટે તૈયાર રહેજો...!

© JOBLESS YUVA

• કુંજલ પ્રદીપ છાયા

ફેશન ફંડા



બ્રિફિંગ

ઋતુ અને રંગ પ્રમાણે પહેરવેશમાં અને સ્ટાઈલ્સમાં ફેરફાર થતાં હોય છે. છતાં, કેટલાંક લોકો એ બાબતે અજાણ રહે છે જેને લીધે તેમની પર્સનાલિટી પર ખરાબ અસર પડે છે. પણ, ફિકર નોટ ! હવે એનું સોલ્યુશન હાજર છે. વાંચો અહીં કે ઋતુઓ પ્રમાણે કયા રંગો તમને સૂટ કરશે.

દાંત કચકચાવીને બેસી રહેવું પડે એવી ઠંડી ગુજરાતીઓને અનુભવવાનું બહુ ઓછું થયું હશે. તગારામાં સુકવેલા લાકડાં અને છાણાંથી તાપણું કરીને મિત્રોનું ટોળું ગોઠવાય એવું વાતાવરણ ભારતીય વર્ષમાં ત્રણેક માસ માંડ હોય છે. ક્યાંક ધોમધખતો તડકો બારેમાસ હોય તો ક્યાંક સાંબેલાધારે અવિરત વરસાદ પડતો રહેતો હોય. ઘર ઝાલીને ગોટપાઈ રહેવું કોને પોસાય ? ઋતુ ગમે તે હોય, સૌએ પોતપોતાના કામે વળગી રહેવાનું હોય. ક્યાંક ઓફિસોમાં મિટિંગો થતી હોય. ક્યાંક શાળા-કોલેજોમાં સાંસ્કૃતિક કાર્યક્રમો થતા હોય. ક્યાંક લગ્નસરાનો માહોલ હોય તો ક્યાંક મરસિયા ગવાતાં હોય. દુનિયા કાળક્રમે ગતિશીલ રહે છે, એ સ્થગિત થતી નથી. એ હિસાબે આપણે સૌ પણ એની સાથે તાલ મીલાવી ધપીએ છીએ. પ્રસંગ અને ઋતુ અનુસાર વસ્ત્ર સજ્જા કરીએ છીએ. અવારનવાર આપણા કબાટમાંનો કપડાંનો સંગ્રહ એટલે કે વૉડરોબ કલેક્શન પણ બદલતાં હોઈએ છીએ અથવા ઋતુ મુજબ કેટલાંક કપડાંઓની રોજિંદી ઉપયોગીતામાં ફેરબદલી કરીએ છીએ.

ભારત એક સમશીતોષ્ણ આબોહવા ધરાવતો દેશ છે. અહીં દરેક ઋતુનું એક સુઆયોજિત એક ચક્ર છે છતાંય ગ્લોબલ વોર્મિંગના સપાટામાં અહીંના આવર્તનકાળમાં પણ ધીમો પણ નોંધનીય ફેરફાર ચોક્કસ વર્તાય છે. એ અનુસાર આપણી જરૂરિયાતી યાદી પણ બદલાય છે.

આ ઋતુઓ કેટલી?

પહેલાં ધોરણમાં શીખેલાં આપણે, શીયાળો, ઉનાળો અને ચોમાસું. બરાબરને ? પછી પાંચમાં – છઠ્ઠાં ધોરણ સુધીમાં આપણને જાણવા મળ્યું કે શરદ, વસંત, ગ્રીષ્મ, શિશિર અને હેમંત એમ છ પેટા પ્રકાર હોય છે. અને દસમાં ધોરણથી કોલેજ સુધીમાં ક્યારેક ગણગણી લીધું હોય, “પતઝડ, સાવન, બસંત, બહાર... એક બરસ કે મૌસમ ચાર, પાંચવા મૌસમ પ્યાર !” અરે ! ના, ના પ્રેમની મૌસમ આખું વર્ષ માણી શકાય, હો ! એના માટે કોઈ ધારાધોરણ નહીં રે.. પણ આપણે તો કઈ ઋતુમાં શું એવું કરીએ કે આપણને સુધડતા અને સગવડતા આપે એવું નક્કી કરવાનું છે અહીં તો.

દુનિયાના એક તૃતિઆંશ ભાગમાં બર્ફાચ્છાદિત અવસ્થા છે. શ્વેત આવરણ સાથે ઠંડા વાતાવરણમાં સફેદ, ગ્રે, કાળો કે મરૂન રંગ પહેરવા ઓઢવા માટે વધુ પસંદ કરાય છે. એ પછી શિશિર, હેમંત અને શરદ ઋતુ હોય, ઠંડકવાળા વાતાવરણમાં ઘેરા રંગ અને ઘાટા રંગોની પસંદગી કરાય છે. પાનખરના કરમાયેલ ભૂખરા પાનનો કથ્થાઈ રંગ હોય કે પીળા પડેલ પાનનો લાક્ષણીક રંગ, આ મોસમના મૂડની ચાડી ખાય છે. આવા રંગોમાં ઉષ્મા સભર આભા મેળવાય અને આપણી આસપાસના આવરણને હૂંફાળું કરે એવું વધુ ઇચ્છનીય રહે છે. શીયાળામાં સ્ત્રી વર્ગને ગુલાબી ઊની સ્કાર્ફ કે સ્વેટર વધુ ગમે છે. તમે નોંધ્યું હશે કે આજકાલ સૌથી વધુ પ્રચલિત થર્મોવેર પણ ગ્રે, ઓફવ્હાઈટ કે ડાર્ક ગ્રીન એવા સ્ટાન્ડર્ડ રંગોમાં જ ઉપ્લબ્ધ હોય છે. મફલર, ફૂમતાંવાળી ટોપી, હાથ મોજાં અને ઓવર કોટ, પૂલઓવર સ્વેટર, બટનવાળાં કાર્ડિગન સ્વેટર ખૂબ પ્રચલીત છે.

વસંત ઋતુ તો ફૂલો અને ફળોની રાણી છે. જેમાં દરેક પ્રકારનાં હળવાં રંગો, પીળો, લીલો, જાંબલી, પોપટી અને આછા ખુલતા રંગોની ભરમાર આ ઋતુની ખાસીયત ગણાય છે. જાણે બાગમાં ખીલેલા દરેક ફૂલોના રંગોની છાંટ આપણાં કપડામાં, ઓઢણી અને સાડીના પાલવમાં સમાઈ ગઈ હોય એવું અનુભવાય છે. હળવા રંગો સાથે ઝીણું કપડું જેવું કે જોર્જેટ, કોટન, સિલ્ક અને સાટીન આ મોસમમાં પહેરવું અનુકૂળ રહે છે. રંગબેરંગી ફૂલોના બુટા, મોટી કે ઝીણી પાનવેલીની ભાત અને સોનેરી-રૂપેરી કોરવાળી બોર્ડર પચરંગી કે મલ્ટી કલરનાં કપડાંની વધુ માંગ હોય છે.


આબોહવા ગ્રીષ્મ થતાં ગરમી વધે છે. સૂરજના કિરણો પૃથ્વી સુધી પહોંચતાં રતાશ પડતા રંગોથી લઈને

© JOBLESS YUVA

આછા પીળા રંગ સુધી એક લસરકો પડે એમ ઉનાળુ માહોલ વધુ આકર્ષક થતો જાય છે. દરેક રંગના ઘેરા રંગથી માંડીને આછેરા રંગોની પસંદગી ઉનાળાના દિવસોમાં ઉપયોગમાં લેવાય છે. લાલ, કેસરી, ગુલાબી, રાણી હોય કે જાબલી કે આકાશી રંગ ઉળાનામાં આવતા દરેક પ્રસંગોમાં શોભે છે. કેરીની ઝીણી ડિઝાઈન, સોનેરી બુટાઓ અને મોટી-ટીકીવાળી ભાત લગ્નપ્રસંગો અને ભારતીય પરિધાનમાં સુતરાઉ કાપડ અને એની વિવિધ જાતની બનાવટો વધુ ઉમેરાય છે.

ગ્રે રંગ કે જે કુદરતી વાતાવરણને મેળ ખાતો વપરાય છે. ફિલ્મોમાં જોયેલો રેઈનકોટ તો ટ્રાન્સપરન્ટ કે ડાર્ક કલર લેધર કે પ્લાસ્ટિક, પોલિવિનાઈલ મટિરિયલથી બનેલ હોય છે, જેમાં જેકેટ, કેપ, ગમબૂટ, હૂડઝ કોટ વગેરે શામેલ છે. પ્લેન કે પોલ્કા ડોટસ અને ફ્લાવર્સ પેટર્ન પણ એમાં આવરી લેવાય છે.

આ આખી વાતને અંતે એક આશ્ચર્યજનક તારણ ઉપજે છે કે કોઈ ફેશન એનાલિસિસ કરે, અભ્યાસુ હોય કે



ઝરમર વરસતા વરસાદી મોસમમાં ગરમાગરમ ચા સાથે સમોસા કે ભજીયાં પહેલાં યાદ આવે, ખરું ને ? વાતારણમાં ઠંડક પ્રસરી હોય અને ભેજ પણ વધ્યો હોય ત્યારે સામાન્ય વસ્ત્ર સજ્જામાં એવું કાપડ કે જે શરીરથી બહુ ચોંટે નહીં અને ઝટ સૂકાઈ જાય એવું હોય. નાયલોન કે પોલિયેસ્ટરનાં અથવા બ્લેન્ડિંગવાળું કાપડ વધુ વપરાશમાં આવે છે. આ મોસમમાં બોટલ ગ્રીન, સ્કાય કે નેવી બ્લ્યુ અને

સામાન્ય રીતે કપડાં અને આકર્ષક જીવનશૈલીના શોખીન જીવ હોય તો અનાયાસે જ એ આ કલર પેલેટને ફોલો કરતું રહે છે, એની પાછળનું એક મજાનું તર્ક એ છે કે એ વ્યક્તિ કુદરતી નિર્દેશોને મનભરીને જીવનમાં રંગાઈને માણી લે છે.

● 'કુંજ કલરવ'

© JOBLESS YUVA

• એકતા નીરવ દોશી

રખડપટ્ટી

ધરતી પરનું સ્વર્ગ

લદ્દાખ

બ્રિફિંગ

લદ્દાખ ગયા છો ? નહીં ? અફસોસ ! પણ ડોન્ટ વરી. 'ખજાનો'ની લેખિકાએ લદ્દાખની લીધેલી મુલાકાતનું વર્ણન વાંચીને તમને પણ ત્યાં ફરી રહ્યાનો અહેસાસ થશે. સાથોસાથ, ત્યાં નજીકના ભવિષ્યમાં જનારાઓ માટે રેડી રેફરન્સ તરીકે પણ કામ લાગશે. તો ચાલો, જઈએ લદ્દાખની સફરે !

"હમ જો ચલને લગે, ચલને લગે હૈ યે રાસ્તે...
હાં..હાં ! મંઝિલ સે બહેતર લગને લગે હૈં યે રસ્તે."

આ ગીત એકદમ બરોબર જામે છે લદ્દાખની સફરને ! તો ચાલો બોરીયાબિસ્તરા બાંધો અને નીકળીએ રખડપટ્ટી કરવા લદ્દાખની. હં...હં કેમેરો ભૂલતા નહીં. ફોટોગ્રાફી માટે દુનિયાની ઉત્તમ જગ્યાઓમાંથી એક છે લદ્દાખ. લદ્દાખ જવાના ત્રણ રસ્તા છે :

1. સડકમાર્ગ
2. હવાઈમાર્ગ અને
3....હમણાં નહીં કહું !

મેં પસંદ કર્યો સડકમાર્ગ. હું લદ્દાખ ફરવા જનાર તમામ મિત્રોને સલાહ આપીશ, કે જો લદ્દાખ જવું હોય તો દસ દિવસનો સમય લઈ સડકમાર્ગે જ જજો. બાકી દિલ્હીથી દિલ્હી પાંચ દિવસના હવાઈમાર્ગવાળી સફરમાં તમે ઘણું ગુમાવશો. કારણ .... શ્રીનગરથી લદ્દાખ જવાનો રસ્તો છે એક સ્વર્ગીય અનુભવ. અને એ જ ત્રીજો માર્ગ 'મરીને સ્વર્ગે જવું !'

વધુ પૂર્વભૂમિકા ન બાંધતા શરૂ કરીએ સફર :

ગુજરાતથી પહેલો મુકામ જમ્મુ. જમ્મુમાં તમને વાતાવરણની તાજગીનો અનુભવ તો થાય જ, પણ સાથે આપણી સેનાઓના મથક જોઈ ગર્વ અનુભવાય. જમ્મુમાં પણ ફરવાની થોડી જગ્યાઓ છે એ ફરી ક્યારેક.

જમ્મુથી બહાર નીકળતાં જ વાતાવરણ બદલાઈ જાય. હવાની લહેરખીઓની શીતળતા અને કુદરતી સૌંદર્યની માદકતાનો મીઠો નશો છવાઈ જાય. જમ્મુથી શ્રીનગર સુધીની સફર ખૂબ લાંબી પણ બિલકુલ કાંટાળાજનક નથી. દરેક વળાંક ઉપર કુદરત તમારા માટે કંઈક કૌતુક લઈને મળે. ક્યારેક ક્યારેક તો એવું લાગે કે જમણી તરફ જોવું કે ડાબી તરફ. એ વખતે મારા મનમાંથી એક માંગણી નીકળી ગઈ, "હે ટેકનોલોજીના સર્વોચ્ચ શિખરે બિરાજમાન કર્તાહર્તાઓ ! કંઈક એવી શોધ કરો, કે આંખોની પલક ઝપકાવતાં ફોટો પડી જાય." એક તરફ લીલાંછમ ડુંગરોની વચ્ચે કયાંક દૂર દેખાઈ જતાં હિમાચ્છાદિત ગીરીશીખરો તો બીજી તરફ છેક નીચે સુધી દેખાતી હરિયાળી. માનવસર્જિત વિસ્મયોમાં 'જવાહર ટનલ' અને ચેનાબ નદી ઉપરનો 'બગલીહર ડેમ.' રસ્તામાંથી પહાડોમાંથી ધીમી ધારે વહેતું કુદરતી મિનરલ વોટર ભરી પીધું. શ્રીનગર આવતાં પહેલા અમુક જુના ખંડેરો દેખાયા પણ સમય મર્યાદાને કારણે ઉતરવું શક્ય ન બન્યું. કેસરના બગીચાઓનું ગામ 'પેમ્પોર' પણ આવ્યું પરંતુ હજુ ફૂલ ખીલવાની ઋતુ નહોતી.

શ્રીનગર અમારા માટે ફક્ત રાતવાસો હતું. પરંતુ શ્રીનગરમાં પગ મૂકતાં જ લાગણી ઉછળી આવે. ઝેલમના કિનારે લાગેલી હાઉસબોટ, ડાલલેક, લાલચોક અને લુમેઝુમે ઝૂલતાં ગુલાબ. જાણે સ્વપ્નલોકમાં પહોંચી ગયા હોઈએ. બીજે દિવસે વ્હેલી સવારે નીકળી પડ્યા લદ્દાખ હાઈવે માટે. રસ્તામાં ભવ્ય હઝારાતબાલ જોયું અને વિશાળ યુનિવર્સિટી ઓફ કાશ્મીર પણ આવી. સુંદર, અદભુત અને આહ નીકળી જાય તેવું શ્રીનગર છોડી આગળ વધ્યા. શ્રીનગરમાં રખડપટ્ટી ફરી ક્યારેક ચોક્કસ કરીશું.

ગામ છોડતાં જ પહાડી ઢોળાવો શરૂ થઈ ગયા. સિલસીલાથી લઈ મિશન કશ્મીર સુધીની બધી ફિલ્મો તાદ્રશ થઈ ગઈ. તેની મંત્રમુગ્ધતામાંથી બહાર આવું એ પહેલાં મીઠું ખળખળનું સંગીત ગુંજી ઉઠ્યું. હિમાલયમાંથી નીકળતાં ઝરણાંઓ "સોન નદી" બની, મને લલચાવી રહ્યાં હતાં. અમારી ટ્રીવેરાના ડ્રાઈવરને પૂછ્યું, "આ નદીમાં પગ બોળવા મળે?" અને તેણે એક સરસ જગ્યાએ ગાડી રોકી. નદીને કિંનારે પથ્થરોની વાયરવાળી પાળ બાંધવામાં આવેલી એટલે નાનકડું ટ્રેકિંગ કરી નદી પાસે ગયા. હિમાલયના શીતળ નિર્મળ જળની છાલક મોઢા ઉપર મારી, જે અનુભવ થયો છે તે શબ્દોમાં વર્ણવો શક્ય નથી. ત્યાંથી નીકળવાનું મન તો નહોતું થતું, પણ આગળ જવાની ઉત્સુકતા પણ એટલી જ હતી. સોના નદીના તીરે તીરે આગળ વધતા દૂર 'અનંતનાગ' માટેનો બેઝકેમ્પ 'બેલ તાલ' દેખાયો. ડ્રાઈવરે દૂરથી અનંતનાગના શિખરવાળી પહાડી પણ બતાવી.

પછીના પાંચ કિલોમીટર ઉત્સુકતામાં ઉમેરો કરતાં રહ્યા. બરફની વચ્ચેથી નીકળ્યા અને ચાલુ ગાડીએ બરફને અડતા ગયા. ત્યારબાદ અમારા ડ્રાઈવરે અમને બરફમાં રમવાનું મેદાન આપી દીધું. બાળક બની બરફના ગોળા બનાવી એકબીજા ઉપર ફેંક્યા. બરફનું સામ્રાજ્ય વધવા લાગ્યું. મિલિટરી કેમ્પના કવાયતના દ્રશ્યો પહેલીવાર ફિલ્મો સિવાય જોયા. રસ્તામાં બાઈકસવારો પણ મળ્યા. એ સાહસિકો અમદાવાદ, બરોડાથી લદ્દાખ સુધી બાઈક ઉપર નીકળી પડેલા. માથાના હેલ્મેટ ઉપર કેમેરાથી શૂટિંગ કરતા એકલવીરોને જોઈ ફરવાનું જોમ વધી ગયું.

શ્રીનગર-લેહના સૌથી ઊંચો પોઇન્ટ 'ફોટુલા' આવ્યો, તે પોઈન્ટ ઉપર ઉભા રહી પહાડી સૌંદર્ય માણવાનું હજુ તો શરૂ કર્યું,ઉતરીને ફોટો પડવાના શરૂ કર્યાં ત્યાં તો ઝીણો વરસાદ શરૂ થયો. ફટાફટ ગોઠવાયા કારમાં.

આગળ વધ્યા ત્યાં તો કોઈ ચિત્રકારની ચિત્રનગરીમાં પહોંચી ગયા. નજીકના પર્વતો થોડા બર્ફીલા, થોડી દૂરીવાળા લીલાં,

રખડપટ્ટી

ખજાનો

અંક: ૦૨. ફેબ્રુઆરી, ૨૦૧૮

એનાથી દૂર થોડા પીળાં અને સુદૂર કથ્થાઈ અને કાળા. વળી કયાંક લાલછાંટ દેખાય તો ક્યાંક વળી કોફી પેઇન્ટિંગ કરેલા હોય તેવા શેડ. ઉપર સાફ નિલાંબર, ક્યાંક રુંવાળા ઘેટાં જેવા સુંવાળા વાદળ. તેની સુંવાળપ રીતસર આંખોમાં અનુભવાય. "ફોટુલા"થી આગળ વધતાં આખો નીચે ઉતરતો સર્પાકાર રસ્તો અદ્દભુત દીસતો હતો.



આગળ વધતાં આવી "લામાયૂરું મોનેસ્ટ્રી". લદ્દાખનો સૌથી વિશાળ અને પુરાતન બૌદ્ધિષ્ઠ મઠ. પહાડો વચ્ચે દેખાતો તે મઠ એક સુંદર જાદુનગરી સમાન લાગતો હતો. અમારા કાર્યક્રમમાં ત્યાં જવાનો સમય નહોતો. અફસોસ થતો હતો પણ ત્યાં તો આગળ અલૌકિક પહાડ "મૂન લેન્ડ" જોઈ બધું વિસરાઈ ગયું. સોનાની જેમ ચમકતાં પહાડો પૃથ્વીની બહાર હોવાનો અનુભવ કરાવતાં હતાં. ડ્રાઈવરે જણાવ્યું કે, 'રાત્રે ચાંદનીમાં આ ખડકો બીજો ચંદ્ર જ લાગે છે, આ પહાડો તેના પર પડતાં પ્રકાશ અનુરૂપ તેનો રંગ બદલી ઝળહળે છે. ઉત્સુકતા વધતી જતી હતી. લદ્દાખ મારા માટે હજી કેટલી સુંદરતા ભરીને બેઠું હશે!

રસ્તામાં આછીપાતળી હરિયાળી વચ્ચેથી નીકળતી નાની નાની નદીઓ અને રમકડાં જેવા દેખાતાં મઠ. એક નાનકડો મઠ તો રસ્તામાં જ આવ્યો. અમે અંદરથી જોવા ઉતરી પડ્યા. એક મોટા રૂમમાં આવેલો મઠ કેટલી આભા ધરાવતો હતો તે કહેવું મુશ્કેલ છે. તેની બરોબર પાછળ લગભગ પચાસ ફૂટ ઊંચાં એક પથ્થરમાં બૌદ્ધપ્રતિમા કોતરાયેલી હતી. ઝડપથી આગળ વધ્યા. પહાડો પોતે કુદરતની સામે થપાટો ઝીલતાં કોતરાઈ ગયા હતાં. કપરાં પણ ખુબસુરત ચઢાણો અને પુલો ઓળંગતા આગળ વધ્યા અને દેખાયો મનમોહક "ઝંસ્કાર સંગમ". એક તરફથી વહેતી સફેદ સિંધુ નદીમાં ઘેરા નિલવર્ણવાળી ઝંસ્કારનું ભળવું. સમય લઈને ગયા હોઈએ તો ત્યાં રિવર રાફટની વ્યવસ્થા છે. આગળ ઝંસ્કારના તટે બેસી અમારો લંચપેક ખોલી પીકનીક મનાવી.

આગળ વધ્યા ખૂબ પ્રખ્યાત એવી " મેગ્નેટિક હીલ" તરફ ....કાળક્રમે મેગ્નેટિક ફિલ્ડ નબળા પડતાં હોય છે એટલે મને એવો કોઈ ખાસ અનુભવ ન થયો. હીલની સામેના રોડ ઉપર કાર ન્યુટ્રલમાં મૂકી તો તે હીલ તરફ ખેંચાતી હોય તેમ પાછી પડી. એ ચમત્કાર છોડો અને કુદરતને માણો.

'પથ્થર સાહિબ' રસ્તામાં આવેલું ગુરુદ્વારા. એવી માન્યતા છે કે ગુરુ નાનક લેહમાં આવેલા અને ત્યાં સાવ સૂકી ધરતી જોતાં,તેમણે ત્યાં પહેલું વૃક્ષ ઉગાડ્યું. ત્યાં એક રાક્ષસ રહેતો હતો તેનાથી ગુરુ નાનકની લોકપ્રિયતા સહન ન થઈ અને તેણે નાનકજીને મારવા એક મોટી શીલા ફેંકી, તે મોટી શીલા ગુરુજી જ્યાં બેઠા હતા ત્યાં ગબડી આવી પણ ગુરુજીને કશું ન થયું અને તેઓના શારીરિક આકાર મુજબ શીલામાં ગાબડું પડી ગયું અને બન્યું "પથ્થર સાહિબ". મિલિટરીના જવાનો આ ગુરુદ્વારાની દેખરેખ રાખે છે. વ્યવસ્થા ખૂબ જ સરસ છે.



"લેહ" લદ્દાખનું મુખ્ય શહેર શરૂ થતાં પહેલાં મિલિટરીના વિવધ મેદાનો દેખાવા લાગે. એરપોર્ટ પણ દેખાય અને સેનાની સતત ચહેલપહેલ. સુંદર બૌદ્ધશૈલીના દરવાજા -કળશ સાથે લેહ ગામ આપણું સ્વાગત કરે. નાનકડા પરિલોક જેવી


બજારો અને મકાનો,મોટા ભાગના બાંધકામો લાકડાના. અમારી હોટલ બજારની વચ્ચોવચ અને પારંપરિક દેખાવની હતી. પહોંચતા સાંજ પડી ગઈ હતી. સૂચના આપવામાં આવી, "આજની સાંજ ફક્ત આરામ, તમારા શરીરને વાતાવરણમાં ગોઠવવા દેવું પડશે. કારણ કે અહીં હવા એકદમ પાતળી છે અને વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ ઓછું." બજારની વચ્ચે હોઈએ પછી આવી બધી સૂચનાઓ કોઈ ગણકારે? ફ્રેશ થઈ અમે પાંચેક લોકો નીકળી પડ્યા હોટલની બહાર જ આવેલી ગરમ કપડાંની બજારમાં. પણ થોડીવારમાં જ ચક્કર જેવું લાગવા લાગ્યું એટલે પાછા વળ્યા. 'ઠંડી કહે મારું કામ !' ૪ ડીગ્રી તાપમાનમાં અમારી હાલત ખરાબ હતી. રાત્રે તો માઈનસ ૧ સુધી જશે તેવો અંદાજો હતો. ટુરઓપરેટરને પૂછ્યું કે, "હોટવોટર બેગ કે હીટરની વ્યવસ્થામાં શું છે ?" ત્યારે નવું જાણવા મળ્યું કે, "લેહ પોતાની વીજળી જાતે બનાવે છે એટલે અહીં ગમે ત્યારે પાવરકટ હોય છે. બીજી કોઈ વ્યવસ્થા નથી. અહીં હોટલવાળા તમને પીવા માટે જે ગરમ પાણી આપે છે તે બોટલમાં ભરી લો અને રાત્રે સ્વેટરમાં રાખી સુઈ જજો." તો બે બોટલ ગરમ પાણી ભરી મેં થોડીઘણી હુંફમાં ઊંઘ ખેંચી કાઢી અને સાચું કહું તો ત્યારે, આપણા ગુજરાતની ગરમીની કદર થઈ.

બીજે દિવસે હુંફાળી સવારમાં તડકો બહુ મીઠો લાગ્યો. નીકળી પડ્યા લેહ સાઇટ સીન માટે. પહેલાં દેખાઈ સુંદર થીમ હોટેલ, તમને આધ્યાત્મિક અનુભવ કરાવે, મોટાભાગે ફોરેનર ઉતરતા હશે તેમાં. પછી દેખાયો "શેહ પેલેસ" બહાર ઊંચી ઊંચી શિલાઓમાં ચિત્રો કોતરાયેલ, અમારા કાર્યક્રમમાં હોવા છતાં ત્યાં ચાલતાં સમારકામને કારણે અમે અંદર ન જઈ શક્યા. આગળ વધતાં એક નાનકડો ચેકડેમ તેમાંથી વહેતું બર્ફીલું વહેણ અને તેના કારણે થોડીક લીલોતરી. તે પાર કરી પહોંચ્યા એક અજાયબ નગરીમાં નામ "હેમીસ ગોમ્પા" એટલે કે હેમીસ મઠ. ગજબ ઊંચાઈએ ગજબ બાંધકામ. લાગભગ સો પગથિયાં ચડ્યા બાદ વિશાળ દરવાજો. અને તેની અંદર મોટું ચોગાન. ચારે તરફ અલગ અલગ ઓરડાઓ. જીવનના રહસ્યો સમજાવતા દ્રશ્યોના રંગીન ચિત્રો વડે શોભતી ખંડના પ્રવેશદ્વારની દીવાલો, અંદર સાધના માટે રાખેલા દરેક સાધકના નાના નાના ડેસ્ક અને ભવ્ય બુદ્ધ અને અન્ય ગુરુઓની પ્રતિમાઓ. હેમીસ મઠ ઉત્તર ભારતની સૌથી મોટી બૌદ્ધ પાઠશાળા ગણાય છે. ત્યાં મ્યુઝિયમ પણ છે જેમાં પૌરાણિક શૈલીની વસ્તુઓ જોવા મળે. ત્યાં સુવેનિયર શોપ પણ છે જ્યાંથી તમે પ્રતીકાત્મક વસ્તુની ખરીદી કરી શકો.

પછીનો મુકામ "થિકસે ગોમ્પા" જ્યાં કારનું પાર્કિંગ થયું ત્યાંથી જ જાણે આખો પ્રાંત દેખાતો હતો. મઠ તો હજુ ખૂબ જ ઉપર હતો. અમારા ટુરઓપરેટરએ લોકોનો જુસ્સો વધારવા, જે અટક્યા વગર ઉપર પહોંચશે તેને ઇનામ જાહેર કર્યું. પણ ઘણાખરાની તબિયત બગડી ચુકી હતી એટલે એ લોકોએ તો પહેલેથી જ ના પાડી દીધી. અંદર જતાં એક તરફ સુંદર એમ્પોરિયમ હતું, પણ ખરીદી નહોતી કરવી એટલે અંદર ન ગયા. આગળ વધતાં લદ્દાખીદવાઓનું ચિકિત્સાલય હતું. પીળાં ગુલાબો ઝૂલી ઝુલીને અભિવાદન કરતાં હતાં અને મેં પગથિયાં ચડવાનું શરૂ કર્યું. લગભગ દોઢસો પગથિયાં હશે, પણ થોડા ઊંચા હતાં વળી હવા પાતળી એટલે થાક લાગતો હતો. ઉપર મઠમાં પહોંચ્યા પછી બધો થાક વસૂલ થઈ ગયો. એક બાજુ બેમાળ ઊંચા "મૈત્રીય બુદ્ધ" તેની આંખોમાંથી કરુણા વરસાવતા હતા તો એ પ્રતિમાની ફરતાં અદભુત ચિત્રકામો આપણી આંખને શાતા પહોંચાડતાં હતાં. એક અન્ય કક્ષમાં ત્યાંની માતાના વિવિધ રૂપોના અનેક ચિત્રો અને નાની પ્રતિમાઓ હતી. મુખ્ય ગર્ભગૃહમાં અંદર જતાં જ કંઈક અલગ અનુભવ થયો. જાણે કોઈ ગેબી-રહસ્યમયી-તાંત્રિક જગ્યાએ પહોંચી ગઈ. ત્યાં ઘણાં દેવો હતાં જે પહેલાં ક્યારેય જોયા કે સાંભળ્યા નહોતા. ત્યાં ધરાઈને ફોટો લીધાં પછી હોટલ પાછા પહોંચી જમી લીધું.

જમ્યા બાદનું અમારું ગંતવ્ય સ્થળ "લેહ પેલેસ". કલ્પના તો ઘણી કરી રાખી હતી. કેમકે ક્યાંક વાંચેલું કે ભવ્ય "લેહ પેલેસ" ત્યાંના રાજવીઓનો મુખ્ય પેલેસ હતો અને તિબેટના "પોટાલા પેલેસ"ની એકદમ પ્રતિકૃતિ છે.

ત્યાં પહોંચ્યા તો બિચારો અનાથ પડ્યો હતો. સરકારે 5 રૂપિયા પ્રવેશ ફી રાખી છે. અંદર ગયા તો ફરી પચાસેક પગથિયાં. ઉપર ગયા પછી લાકડાના પાયાઓ અને પથ્થરથી બનેલા સાદા મોટા રૂમો. અમુક વિસ્મયકારી ચિત્રો હતાં. છત, દરવાજા ખૂબ નીચા.



અહીં રાજપરિવારની બુદ્ધ પૂજાનો અલગ કક્ષ હતો. ત્રણ મૂર્તિ અને ચોપડા ભરેલો કબાટ. હજુ પણ એ મૂર્તિની પૂજા થાય છે. ત્યાનું વતાવરણ પણ મને રહસ્ય સંઘરીને બેઠું હોય તેવું લાગ્યું. ત્યાં કબાટમાં લાલગ્રંથો સચવાયેલાં હતાં અને ખબર નહીં મને લાગ્યું કે એમાં જાત-જાતના ચમત્કાર અને રહસ્યો સચવાયેલા છે. ત્યાંની અગાસીમાંથી આખું લેહ શહેર



દેખાતું હતું અને દૂર રંગીન પહાડો. ત્યાં થોડો સમય વિતાવી અમે નીકળ્યા પછીની જગ્યા તરફ.

'શાંતિ સ્તૂપ' તરીકે પ્રખ્યાત જગ્યા 'લેહ પેલેસ'ની બીજી દિશાની પહાડી ઉપર છે. આ સ્તૂપ જાપાનીઝ અને લદ્દાખી બૌદ્ધ સાધુઓએ મળી બનાવડાવ્યું છે. સ્તૂપથી લગભગ એકાદ કિલોમીટર દૂર ઉતરી જવાનું હતું. અંદર ચાલીને જતાં એક વિશાળ હોલ હતો. જ્યાં સોનેરી ભવ્ય બુદ્ધ પ્રતિમા હતી. ત્યાં કોઈપણ વ્યક્તિ બેસી ધ્યાન ધરી શકે. શાંતિ સ્તૂપની આસપાસનું દ્રશ્ય એક વિશાળ કેનવાસ ઉપર દોરેલું અદ્દભુત ચિત્ર. હજુ તો ફોટો પાડી ધરાઈએ તે પહેલાં વતાવરણે પલટો ખાધો અને ખૂબ જ પવન ફૂંકાવા લાગ્યો અને વરસાદ વરસવા લાગ્યો. ફટાફટ શાંતિ સ્તૂપની પ્રદક્ષિણા કરી ભાગ્યા કાર તરફ.

ત્યાંથી નીચે આવ્યા તો વાતાવરણ એકદમ સામાન્ય. સમય હતો એટલે અમે ઉપાડ્યા સિયાચેન મ્યુઝિયમ જોવા. આપણાં સેનાનીઓની બહાદુરી અને વિષમતાભરી જીંદગી ઉપર પ્રકાશ પાડતું આ મ્યુઝિયમ અચૂક જોવું જોઈએ. ત્યાં આપણી સીમાઓનું 3D મોડેલ બનાવેલું છે અને ક્યાંથી પાકિસ્તાન અને ક્યાંથી ચીનના હુમલાઓ થાય છે તે જગ્યા પણ સમજાવે છે. સિયાચીન બોર્ડર ઉપર સિપાહીઓના જીવનની ઝાંખી પણ કરાવાઈ છે. યુદ્ધ ઉપરની દસ્તાવેજી ફિલ્મ દેખાડે છે. જોઈને બહાર નીકળીએ ત્યારે થોડી ક્ષણો માટે અવાચક થઈ જઈએ.

તો આજે આપણે અહીં અટકીશું પણ લદ્દાખની રખડપટ્ટી ખતમ નથી થઈ, આવતાં અંકમાં ફરીશું પેન્ગોન્ગ લેક, દુનિયાના સૌથી ઊંચા મોટરેબલ રસ્તાઓ ઉપર, નુબ્રાવેલીમાં અને લેહની બજારમાં.

ત્યાં સુધી... દસ્વીડાનીયા !

© JOBLESS YUVA

• વિષ્ણુ ભાલિયા

લહેરખી



બ્રિફિંગ

પ્રસ્તુત વાર્તા ખારવાની યાને કે ખલાસીની છે. જે રીતે તેઓ દરિયા સામે, વિફરેલી કુદરત સામે લડે છે અને પોતાનો અને પોતાના સાથીદારોનો જીવ બચાવે છે એ ખરેખર જોશદાયક છે. વાર્તામાં ખારવાઓની ખુમારી સ્પષ્ટ દેખાય છે.

"જો, હામે હોડી દેખાઈ. હમણાં ત્યાં પોગી જાસું, ડરતો નહિ...હિમ્મત રાખ જરાક" દરિયાના ઊછળતા મોજા પર ડૂબકા લેતા, પોતાના સાથી ખલાસી ચેતનને ધવલે આંખનો ઈશારો કરતા કહ્યું. અર્ધ બિડાયેલી આંખો સાથે, માંડ માંડ હિમ્મત એકઠી કરી ટકી રહેલો ચેતન ઝબક્યો ! ચેતન પાણીની સપાટી પર મજબૂત લાકડાના સહારે પોતાના શિથિલ બનેલા શરીરને ટેકવીને પડ્યો હતો. ધવલ વારે વારે તેને હિમ્મત આપી રહ્યો. ચેતને દૂર ક્ષિતિજ પર નજર કરવા પ્રયાસ કર્યો.

અફાટ મહાસાગરના ખોળે બંને એક લાકડાના સહારે અસહાય અવસ્થામાં તરતા રહ્યા. ચેતનને તરતા પણ ન આવડે, અને લાકડું પણ એક સાથે બંનેનો વજન લેવા જતાં ડૂબી જવા લાગ્યું. ધવલ માંડ થોડો લાકડાનો સહારો લઈ લેતો અને વધું હાથ પગના જોરે જ તરતો રહ્યો. જ્યારે ચેતનને તો લાકડાના સહારે જ પડ્યા રેહવું પડે તેમ હતું. કારણ કે, હજી દરિયાને ખોળે નવો નવો આવેલો એટલે તેના અવનવા રૂપથી બિલકુલ અજાણ. "ચેતન..એ ચેતન..,," ધવલે ફરી વાર તેને જોરથી હલાવ્યો.

ચેતન તરફથી કાંઈ પ્રતિક્રિયા ન થઈ. ધવલ મનમાં ગભરાયો. તેનું દિલ ભારે થઈ ગયું !! તે આંચકા સાથે નજીક આવ્યો. ધડકતા હૈયે જોરથી તેને હલબલાવ્યો. એકાએક હવાના જોકાથી બૂઝાવા લાગેલો દીવડો ફરી ઝબકે તેમ ચેતન ઓચિંતો ઝબક્યો.

" જો, સામે જ કાંઈ દેખાય છે. ડરમાં, હિમ્મત રાખ. હમણાં કોઈ ને કોઈ આવી જાશે." દૂર દૂર સામે દેખાતા ઝાંખા આકાર તરફ ઈશારો કરતા ધવલે આશ્વાસન આપ્યું.

ચેતનનો અવાજ દબાય ગયો હતો. આંખો રડી રડીને થાકી ગયેલી. તે મનમાં વિચારી રહ્યો: " ધવલ મને ટકાવી રાખવા જ ખોટી હિમ્મત આપે છે.પણ, હવે હું નહિ બચી શકું !" એકાએક ફરી તે ડૂસકે ડૂસકે રડી પડ્યો.

"ધવલ. મારા ભાઈ, મને ખબર છે કે, આપણે હવે નહિ બચીએ. મને ડૂબી જવા દે..મને એકલાને છોડી દે. તું આ લાકડું પકડી લે. તું સાવ થાકી ગયો હશે." તેણે એક ઊંડો નિસાસો નાખ્યો. ગળે ડૂમો ભરાવાથી શબ્દો શ્વરપેટીમાં જ અટવાતા લાગ્યા. થોડીવાર અટકી તેણે ફરી આગળ ચલાવ્યું: " મારામાં હવે તાકાત નથી મારા ભાઈ... મારા હાટું તું હુંકામ મરે છે ? મને મૂકી દે" ચેતને પકડેલુ લાકડું છોડવા પ્રયત્ન કર્યો. ત્યાં ધવલે તેનો હાથ પકડી રાખ્યો. જાણે કાંઈ થયું જ નથી તેવા ભાવ સાથે તેણે કહ્યું:"અરે ! કેવી વાત કરે છે તું ? હજી તો આપણે જીવવાનું છે. ખારવાના દીકરા માટે આ હું મોટી વાત છે ! દરિયોદેવ તો આપણો બાપ છે, ઈ આમ આપણે મરવા થોડો દે. અને તને બચાવવાવાળો હું બેઠો છું ને, હિમ્મત રાખ... આખો દી' કાઢી નાખ્યો આપણે, હવે થોડા કલાકો નહિ નિકળે ? જો, હામે હોડી જેવું દેખાય છે, થોડીવારમાં આપણે ઈની બાજુમાં પોગી જાસું. પછી પીવા પાણી પણ મળશે અને ખાવાનું પણ કાંઈક મળશે. બસ, હવે થોડી હિમ્મત રાખ મારા ભાઈ !"

આજ વહેલી સવારે છ વાગે હજી સૂરજ નારાયણ દર્શન આપે તે પહેલા તો એક ભયંકર હોનારત સર્જાય ગઈ. એક મહાકાય લહેર નાનકડા વહાણ પર ત્રાટકી અને વહાણ રમકડાની માફક ઊછળ્યું. ખલાસી હજી કાંઈ સમજે વિચારે ત્યાં તો બીજી એક લહેર આવી અને વહાણમાં સર્વત્ર પાણી ભરાઈ ગયું.

એકાએક આવેલી આફતથી ખાલાસીમાં ભયનો માહોલ ફેલાયો. એકબીજાના હાથમાં જે કાંઈ આવ્યું તેનો સહારો

© JOBLESS YUVA

લઈ, ભગવાન ભરોસે બધા દરિયામાં કૂદી પડ્યાં. હજી ખલાસી તરીકે નવો નવો આવેલા ચેતનના હાંજા ગગડી ગયાં. છાતીમાં મુંઝારો થવા લાગ્યો. વિચાર શક્તિ શૂન્ય બની ગઈ. ન છુટકે તે દરિયામાં કૂદી પડ્યો. જોતજોતામાં તેનો શ્વાસ ઘૂંટાવા લાગ્યો. તરફડિયાં મારી રહેલા ચેતન પર ઓચિંતુ ધવલનું ધ્યાન ગયું. તેણે ઝડપથી તેની પાસે રહેલો લાકડાનો સહારો ચેતનને પકડાવી દિધો. વિશાળ મોજાની પછડાટથી વહાણ રમકડાની માફક ઊછળતું અને થોડીવારમાં તો હતું ન હતું થઈ ગયું ! ખલાસી એક પછી એક છુટા પડી ગયા પણ ધવલે ચેતનને છુટો પડવા ન દિધો.

દૂર ક્ષિતિજમાં સૂર્યાસ્ત થવાની તૈયારીમાં હતો. આકાશમાં છવાયેલી લાલિમાને લીધે દરિયાનું ખારું પાણી લોહિયાળ લાગી રહ્યું. દૂર દૂર હોડી જેવા આકારને નિહાળીને ધવલે રાડા રાડી કરી: " બચાવો... બચાવો... બચાવો..." દબાયેલા અવાજે નીકળેલા તેના ચીસકારા ત્યાં સુધી ન પહોંચી શક્યા. પર્વતકાય લહેરો સામે અથડાયને તે બૂમો દરિયાના ખારા પાણીમાં જ ગરકાવ થઈ ગઈ.

" ધવલ, ના હુધી નહિ હંભરાય." હતાશ ચહેરે ચેતને કહ્યું. તેણે ઊંડો શ્વાસ લીધો.

" મારામાં હવે શક્તિ નથી. મને છુટો કરી દે. ભગવાન કરીને તું બચી જા તો મારા ઘેર, મારી માને કહિ દેજે કે, મને યાદ કરીને રડે નહિ" ચેતને ફરી એક નિસાસો નાખ્યો.

" કિવી ગાંડા જેવી વાત કરેશ ? કાંઈ નહિ થાય. હિમ્મત રાખ. શું આમ છોકરી જેવી વાત કરે છે ! ભગવાનને યાદ કર, હમણાં કોઈ આવી જાસે..!!" ભૂખ અને તરસથી બંનેના શરીર શક્તિ ગૂમાવી રહ્યા હતા. માનસિક રીતે મજબૂત ધવલ, ચેતનને સતત હૂંફ આપી રહ્યો. બચવાની આછી આછી આશા પણ નજર નોહતી આવતી. હવે તો સૂર્ય નારાયણ પણ અસ્ત થવાની તૈયારીમાં હતાં. થોડીવારમાં રાતના અંધારા ઊતરવા લાગ્યા અને પરિસ્થિતિ વધુ ભયંકર થવા લાગી. ચેતનની આંખો બંધ થવા લાગી. ધવલ પણ આખો દિવસ તરવાને કારણે થાકી ગયો હતો. હાથ પગમાં હવે વધારે તાકાત નહોતી બચી. પગની આંગળીમાં બળતરા થવા માંડી હતી. તરસથી ગળુ સુકાવા લાગ્યું. દરિયાનું ખારું પાણી પીવાની કોશિશ કરી પણ તરસ ન મટી. હવે બંનેનો જીવ અડધો થઈ ગયો. વારે વારે જીવ ચૂંથાવા લાગ્યો ! એકાએક ધવલની નજર ચેતન પર પડી ! તેની આંખો દંગ રહિ ગઈ. લાકડાના સહારે પડી રહેલું ચેતનનું શરીર લાકડા પરથી આપ મેળે સરકી રહ્યું હતું. તે તરત તેની નજીક પહોંચ્યો, એટલામાં એક પ્રચંડ મોજાએ તેને થોડો દૂર ધકેલી દીધો. પુરી તાકાત એકઠી કરી, મોજાને ચીરતો તે સત્વરે ચેતન પાસે પહોંચ્યો. દરિયાના ઊંડાણમાં સરકી રહેલા ચેતનના દેહને તેણે પકડી રાખ્યું. એક હાથે તેણે લાકડાને બથમાં લીધું અને બીજા હાથે હિમ્મત પુર્વક ચેતનના દેહને ઢંઢોળ્યો પણ અફસોસ ! ચેતનના દેહમાં કાંઈ સળવળાટ ન જણાયો. ધવલનું હૃદય ભરાઈ આવ્યું. ઘણી મહેનત છતા ચેતનમાં કાંઈ પણ સંચાર ન જણાયો. હતાશા ચારેકોરથી ઘેરી વળી. દરિયાના પેટાળમાં અટુલા પડેલા સાથીમાંથી એક હિમ્મત હારી ગયો !

"હવે શું કરવું ? ચેતનના દેહને આમ અટુલો થોડો મુકી દેવાય ?" તેનું મગજ ચકરાવે ચઢી ગયું. "ભલે એ મારો ભાઈ નથી, દોસ્ત નથી, અમી સગા નથી પણ ઈ મારો સાથી ખલાઈ છે.. જ્યાં સુધી હું જીવતો છું ત્યાં લગી તેના મૃતદેહને મારાથી છુટો ન મેલાઈ. આમેય મારે પણ આખરે મરવાનું તો છે જ, તો પછી સાથે જ કેમ નહીં ?"

વિચારના વમળમાં અટવાતા ધવલે આખરે એક નિર્ણય કરી નાખ્યો. ચેતનના મૃત શરીર પર તેણે હળવેથી

© JOBLESS YUVA

હાથ ફેરવ્યો. તેના નિર્દોષ ચહેરા તરફ એક નજર નાખી, દરિયાદેવના ક્રુર વર્તન પર એક તિરસ્કાર ભરી નજર ફેરવી અને હિમ્મત સાથે ચેતનના દેહને લાકડા પર ખડક્યો. પ્રચંડ મોજાના પ્રવાહથી દેહ કાંઈ છુટો થોડો પડ્યો રહે ? અચાનક તેના દિમાગમાં એક ચમકારો થયો. તેણે પોતે પહેરેલો સર્ટ ઊતારી નાખ્યો અને તેનો એક છેડો પોતાના પગમાં બાંધ્યો તેમજ એક છેડો ચેતનના મૃતદેહ સાથે જકડીને બાંધી દિધો. તે આંચકા સાથે લાકડા પર લટકી રહ્યો અને તેની સાથે ચેતનનો મૃતદેહ પણ જ્યાં ત્યાં તણાતો રહ્યો.

ખારવાની આવી હિમ્મતથી દરિયાદેવની આંખો પણ જાણે છબછબી ગઈ હોય તેમ દરિયો થોડીવાર શાંત થઈ ગયો. સુસવાટા મારતા પવનની ગર્જનાઓ, ઘોર અંધકાર ભરેલી રાત્રી અને બેફામ બની ઊછળતા મોજા પર તણખલાની માફક ધવલ જ્યાં ત્યાં અથડાતો રહ્યો. પગમાં બાંધેલ ચેતનનો મૃતદેહ પણ તેની સાથે દરિયામાં ડૂબકા લઈ રહ્યો. એકાએક પર્વતકાય લહેર ધવલના ઉપરથી પ્રસાર થઈ ગઈ. રુંધાયેલા શ્વાસે તે સફાળો પાણીની સપાટી પર આવ્યો. છાતીમાં પડેલા ચીરા વધુ દર્દ કરવા લાગ્યા. ભૂખ પણ કકડીને લાગી હતી. સાથીની વિદાયે તેને ભાંગી નાખ્યો હતો. એકલતા તેને ચારે બાજુથી ઘેરી વળી. બચીકુચી હિમ્મત પણ હવે ખૂટી રહી. બચવાના કોઈ એંધાણ ન દેખાયા. હતાશા સાથે તેણે પોતાનું માથું લાકડા સાથે અથડાવ્યું. ઘડીભર આકાશ તરફ નજર કરી નિસાસો નાખ્યો. ટમટમતા તારલાઓ જાણે હસી હસીને ખારવાની ખૂમારી જોતા હોય તેમ લાગ્યું.

હજી, એકાદ ફિસિંગ અગાવ તેની મંગેતર દિવ્યા સાથેનો વાર્તાલાપ તેને રોમાંચીત કરી ગયો. આ ફિસિંગ પછી જ મળવાનો વાયદો આપેલો તેનું ભાન થયું, પણ કદાચ વિધાતાની મરજી કાંઈ બીજી હોય તેમ લાગ્યું. તેણે આંખો મીચી અને મનોમન વિચારમાં ખોવાયો: “દિવ્યા ભગવાન કરેને હું બચી જાઉં તો આપણા લગન એટલા ધુમધામથી થશે કે, આજુબાજુના બધી મોઢામાં આંગળા નાખી જાસે, પણ હવે ઈ સપના જેવું લાગેશ. મને માફ કરી દેજે. મારુ મોત તો હવે નક્કી જ છે... બીજા કોઈ હારા છોકરા હારે વે’વાર કરી લેજે.... મને ભૂલી જાજે.”

વિચારમાં અટવાતા તે બેભાન જેવો બની ગયો. એટલમાં સામેથી એક ઝાંખો પ્રકાશ નજીક આવતો હોય તેવો ભાસ થયો. ધીરેધીરે તે પ્રકાશ વધતો ગયો. ડૂબેલા ખલાસીની શોધખોળ કરી રહેલું જ તે એક વહાણ હતું. વહાણ પરના ખલાસીઓ હાથમાં બતી લઈ જ્યાં ત્યાં પ્રકાશના સેરડા પાડી રહ્યા હતા. તણખલા જેમ તરતું કાંઈક તેમને દેખાયું. થોડો અણસાર મળતા તે વહાણ તીવ્ર ગતિથી ધવલ તરફ આગળ વધી રહ્યું.

“હામે કાંઈ દેખાય છે... આપણા જ છે. તૈયાર થઈ જાવ” એક ખલાસીએ જોશમાં આવી જઈ રાડ નાખી. બધા જ ખલાસી પાણીમાં પડવા તૈયાર થઈ ગયા. વહાણ નજીક પહોચ્યું કે, બધાએ દરિયામાં ડૂબકી લગાવી દીધી. ધવલ અર્ધ બેભાન અવસ્થામાં લાકડા પર લટકી રહ્યો હતો.

“અરે ! ધવલ છે.” પાણીમાં પડતા એક ખલાસીએ રાડ પાડી. બધાએ ધવલને ઉપાડી વહાણમાં ચઢાવવા પ્રયત્ન કર્યો. ધવલમાં સરવળાટ જણાયો એટલે બધાની હિમ્મત વધી ગઈ.

“જીવે છે, જલ્દી કરો.” એક ખલાસી ઉત્સાહમાં આવી ગયો. ધવલને ઊપાડી વહાણમાં ચઢાવવાતા, પગે બાંધેલ ચેતનનો મૃતદેહ બધાની નજરે ચઢ્યો. દરેકની નજર દંગ રહી ગઈ. એકસાથે બે ખલાસીની ભાળ મળી ગઈ હતી. ધવલની હિમ્મત પર બધા વાહ, વાહ પોકારી ઊઠ્યા.

© JOBLESS YUVA

હિમ્મતભેર ચેતનના મૃતદેહને વહાણ પર ચઢાવવામાં આવ્યો. સતત પાણીમાં રહેવાથી સફેદ પડી ગયેલો તેનો દેહ રાતના અંધારામાં વધુ ભયાનક લાગી રહ્યો.

વહાણના સથા પર ચેતનના દેહને ચાદરથી વીટી લેવામાં આવ્યો. નાનકડા ચેતનના મૃત્યુએ બધાને ગમગીન બનાવી મુક્યાં.વાયરલેસથી બંદરમાં જાણ કરવામાં આવી. આજુબાજુ શોધખોળ કરી રહેલી અન્ય બોટો પણ નજીક આવી પહોંચી. ધવલના શરીરને થોડી ગરમી મળવાથી તે ભાનમાં આવ્યો. તે લડખડાતા પગે અન્ય ખલાસીના ટેકાથી ચેતનના મૃતદેહ નજીક આવ્યો. ધ્રુજતા હાથે તેના ચહેરા પરથી ચાદર હટાવી, તે ત્યાં જ ઢગલો થઈ ગયો. આંખે આવેલા અંધારા, અંધારી રાત્રી સાથે મળીને એક થઈ ગયા. ચેતનના નિર્જીવ દેહ પર આંસુના ટીપા પડ્યા અને તે બેભાન બની ગયો. લહેરો સાથે રમત કરતા વહાણે, ચેતનના મૃતદેહને લઈ બંદરની વાટ પકડી.

© JOBLESS YUVA

● ભાવિક ચૌહાણ

પૉઝીટીવિટી



બ્રિફિંગ

આજના સ્વાર્થી જગતમાં જ્યારે બધાં માત્ર પોતાના વિશે જ વિચારતાં હોય છે ત્યારે, કેટલાંક લોકો એવાં પણ હોય છે જે જરૂરતમંદને બનતી મદદ કરી માનવ ધર્મ નિભાવે છે. પ્રસ્તુત વાર્તા એક એવા જ ભાઈની છે. 'ભલાઈ કા બદલા ભલાઈ' ઉક્તિને સાર્થક કરતી વાર્તા વાંચીને લાગશે કે હજુ પણ માનવતા જીવંત છે.

'કાન્તિભાઈ, હજુ કેટલી વાર લાગશે? જલદી બે ચાય આપોને! મારે કૉલેજમાં લેક્ચર શરૂ થઈ જશે. આઠ વાગ્યે કૉલેજ પહોંચવાનું છે.'

'કાન્તિકાકા, બે ચાય આપજો જલદી મોડું થાય છે. મારે નોકરી માટે બસ પકડવાની છે.'

'કાકા, મને બે ચાય પાર્સલ સાથે બે ટોસ્ટના પેકેટ આપજો. અને હા, પ્લાસ્ટિકના કપ એક્સ્ટ્રા આપજો હોં! આજે હોસ્ટેલ પર પાંચ જણા ચાય પીવાવાળા ભેગા થઈ ગયા છે.'

સવારના સાત વાગ્યાના ઠંડા પહોરમાં કાન્તિભાઈની કેબીન પર ગ્રાહકોનો ધમધમાટ શરૂ થઈ જાય. કોલેજ જતાં છોકરાઓ અને નોકરિયાત વર્ગના તમામ લોકો સવાર સવારમાં કાન્તિભાઇની ચાનો આસ્વાદ માણીને જ પછી પોતાના કામના સ્થળે નીકળે. કૉલેજ રોડના કોર્નર પર કાન્તિભાઈની ચાની હોટલ. લાકડાની એક કેબીન જેમાં તેઓ પોતાનો તમામ સામાન રાખે અને બારે એક મોટી બધી ટેબલ પર કેરોસીનવાળું પ્રાઈમસ, ચા દૂધના તપેલાં, કીટલી, ચા-ખાંડના ડબલા,કપ રકાબી, ત્રણ ચાર કાચની અલગ અલગ બરણીમાં ક્રીમ રૂલ, શીંગ તલની ચીકી ભરેલી અને પતરાનાં છાપરા નીચે ચા પીવા આવતાં ગ્રાહકો માટે મોટા બેસવા માટેના બાંકડા અને ટેબલ મૂકેલા. આ કાન્તિભાઈની ચાની કેબીનનું આબેહૂબ વર્ણન.

સવારમાં વહેલા છ વાગ્યામાં તેઓ પોતાની જૂની અને થોડી કાટ ખાઈ ગયેલી પરંતુ હજુ પણ જીવની જેમ સાચવી રાખેલી સાયકલની બન્ને બાજુ પર લટકતી બે બરણીમાં દૂધ,કેરોસીનના ગેલનિયા અને એક કપડાની થેલીમાં ચાય ખાંડના ડબ્બા સાથે એ જૂની સાયકલ લઈને કેબીન પર પહોચી આવે.

આવીને સૌથી પહેલા તો કેબીનની આજુબાજુની જગ્યા એકદમ મસ્ત રીતે સાફ સફાઈ કરી ચોખી ચણક કરે બાંકડાઓ ગોઠવે ત્યાર પછી માતાજીની છબીને સુગંધિત અગરબતી અને દીવો કરે.તેમની ખાસ પસંદગીની અગરબતીની ખુશનુમા સુગંધ સમગ્ર વાતાવરણ મોહિત કરી દે. એમાંય વળી સાથે સાથે સવારમાં નારાયણ સ્વામીના ભજન વાગતા હોય એટલે વાતાવરણનો મિજાજ કાંઈક અલગ જ હોય.

કાન્તિકાકા હજુ તો કેબીન ખોલે ને થોડી જ વારમાં તેમનાં ચાયના સ્વાદપ્રિય ગ્રાહકોનું આવવાનું શરુ થઈ જાય. સવારમાં વોકિંગ કરવા નીકળ્યા હોય એ લોકો તો ખાસ કાન્તિકાકાની ચાય પીને જ ઘરે જાય.કેટલાક ડૉક્ટર અને મોટા મોટા સરકારી ઓફિસરો પણ સવારે વોકિંગ કરીને કાન્તિકાકાની ચાય નો સ્વાદ માણવા માટે સવારમાં પહોચી આવે.

કાન્તિકાકાની ઉંમર પાંસઠ વર્ષની નજીકની, પરંતુ તેઓ પાંત્રીસ વર્ષના યુવાન જેવા લાગે. મજબૂત ખડતલ શરીર,એ શરીર પર ગામઠી પોશાક, ગળામાં પહેરેલો કાળો દોરો અને ખભા પર લટકતો એક લાલ ગમચો! કાયમી હસમુખો ચહેરો અને ગ્રાહકો સાથે એકદમ પ્રેમભર્યું વર્તન.ગ્રાહકને તો એમ જ લાગે જાણે કે કોઈ ખૂબ જુના રિસ્તેદારને મળીને વાત ન કરતા હોય! એવો આનંદ મળે તેમની સાથે વાત કરીને.

ભજન ગાતા જાય ને ચાય બનાવતા જાય અને કોલેજના છોકરાઓ સાથે અને અન્ય લોકો સાથે વાતો કરતા જાય.આજે શું ભણવાના?,કૉલેજમાં જઈને આખો દીવસ શું કરવાનાં? કોઈ બેન સાહેબ ને કે પેલા જોડકા કોલેજના બગીચામાં બેઠા હોય એમને હેરાણ તૌ નથી કરતાં ને?બધુ પૂછી લે.આમ સ્વભાવે એકદમ રમુજી અને વાતોડિયા એટલે કોલેજના છોકરાઓની કાકા સાથે બરાબર જામે.ક્યારેક તો વળી તેઓ પોતાના નાનપણમાં કરેલા તોફાનોની વાતો કરે તો કોઈ વાર નિશાળમાં કોઈ સાહેબ ને હેરાન કર્યા હોય એ વાતે ચળી જાય.સાથે સમજાવે પણ ખરા શાલાઓ તોફાન ભલે કરો પણ ભણવામાં પણ ધ્યાન આપજો નહીં તો પછી આમારી જેમ આખો દિવસ મજૂરી કરવાનો વારો આવશે.

કેટલીક વાર કોઈ ગ્રાહક પાસે ઓછાં રૂપિયા હોય તો કહેશે, 'વાંધો નહીં, પછી આપી જજો.ઉપરવાળાની દયાથી આપણું ઘર એકદમ બરાબર ચાલે છે. 'હજુ સુધી કોઈ દિવસ દુઃખ આવવા નથી દીધું. ઘરમાં કોઈ રોગ થવા નથી દીધો, એથી વધું શું જોઈએ?

ખાલી ખોટી રૂપિયા માટે હાયહોય કરવી'એનાં કરતાં બધાં ગ્રાહકોને પ્રેમ વંહેચો ને મજા કરો.

તેઓ કોઈ દિવસ કોઈ ગ્રાહકના બાકી રૂપિયાનો હિસાબ પણ ન રાખે. હોસ્ટેલમાં રહેતાં અને કૉલેજમાં અભ્યાસ કરતાં છોકરાઓનું ખાતું ચાલે. બધાં છોકરાઓ અઠવાડિયાનાં રૂપિયા સાથે આપી દે. અન્ય ગ્રાહકો પોતાની મેળે સામેથી બાકીના રૂપિયા આપી જાય.

© JOBLESS YUVA

હવે અચાનક એક દિવસ સાંજે એવું બન્યુ કે જ્યારે કાન્તિકાકા પોતાની ચાની કેબીન બંધ કરવા માટે તમામ સામાન અંદર મૂકી રહ્યા હતાં ત્યારે તેમની પાસે રોજ ચા પીવા માટે આવતો રાકેશ મોઢા પર થોડી ચિંતાના ભાવ સાથે કાન્તિકાકા પાસે આવ્યો.

કાકાએ પૂછ્યું, 'કેમ આ ટાણે તારે આવવાનું થયુ દિકરા ?'

'કાકા તમારા જેવું એક કામ હતું.' રાકેશે મૂંઝવણના ભાવ સાથે કહ્યુ.

'હા બોલને, શું કામ છે મારા જેવું ? આજે તું આટલો બધો ચિંતામાં કેમ દેખાય છે ?'

રાકેશે જવાબ વાળ્યો, 'કાકા વાત એમ છે કે આજે સવારે જ બાપુનો ફોન આવ્યો હતો. મારી બા બીમાર પડી છે અને બે દિવસથી બાજુના શહેરની પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ છે. અત્યારે તેની દવા ચાલુ છે, કદાચ આજે સાંજે રજા આપશે એવું બાપુ ફોનમાં કહેતા હતાં.'

'પરંતુ કાકા હોસ્પિટલનું બિલ પાંચ હજાર રૂપિયા આવ્યું છે. બાપુએ મહિનાની મજૂરીના મળેલા રૂપિયા અને જેટલા ઘરમાં રૂપિયા હતાં એ બધા ભેગા કરીને દવાખાનામાં જમા કરાવ્યાં તેમ છતાં હજુ બે હજાર રૂપિયા ખૂટે છે. આજે એ બે હજાર રૂપિયા જમા નહીં થાય તો એ લોકો હોસ્પિટલમાંથી રજા નહીં આપે અને જેમ જેમ દિવસ વધતાં જશે એમ આ રકમ વધતી જશે. મેં મારા કૉલેજ ખર્ચ માટે વાપરવાના રૂપિયામાંથી આઠસો રૂપિયા બચાવીને રાખ્યા છે તેમ છતાં, હજુ બારસો રૂપિયા ખૂટે છે. તમે બને તેટલી મદદ કરશો તો હું મારા બાપુને એ રૂપિયા હોસ્પિટલ પર પહોંચાડી શકીશ.'

કાન્તિકાકાએ ઊંડાણપૂર્વક રાકેશ પાસેથી બધું જાણ્યું. રાકેશના બધા કારણ યોગ્ય લાગ્યાં. ત્યાર પછી કાન્તિકાકાએ પોતા પાસેના એક હજાર રૂપિયા આપ્યા અને બાકી વધતાં બસો રૂપિયા રાકેશે અન્ય એક મિત્ર પાસેથી ભેગા કર્યા. ખરેખર રૂપિયાની સાચી કદર આવા કટોકટીના સમયે જ સમજાય છે તેનો રાકેશને બરાબર અનુભવ થઈ ગયો.

એક મહિનો રહીને ઘરેથી વાડીની મજૂરીના રૂપિયા આવતાં રાકેશે કાન્તિકાકાના તમામ રૂપિયા પરત કરી દીધા અને સાથે સાથે કાન્તિકાકાનો ખૂબ આભાર માન્યો.

હવે આ વાત ને સાત આઠ વર્ષ વીતી ગયા. રાકેશ પણ હવે કૉલેજ પુરી કરીને આગળ સારી જગ્યાએ સરકારી નોકરીમાં લાગી ગયો હતો. પગાર પણ સારો હતો.

અચાનક એક દીવસ રાત્રે રાકેશનાં એક હોસ્ટેલમાં સાથે રહેતો મિત્ર નીતિનનો ફોન આવ્યો. રાકેશે ફોન ઉપાડતાં જ નીતિને સવાલ કર્યો, 'તને કાંઈ સમાચાર મળ્યાં ?'

રાકેશ વિચારમાં પડી ગયો, 'શેના સમાચાર વળી ? કેમ શું થયું ? મને તો કોઈ સમાચાર નથી મળ્યા.' રાકેશે જવાબ આપ્યો.

નીતિને કહ્યું, 'આપણે કાન્તિકાકાની કેબીન પર ચા પીવા જતા ને એમનું આજે એક કાર સાથે એક્સિડન્ટ થયું છે અને અત્યારે તેમની હાલત ખૂબ ગંભીર છે જલદીથી શહેરની ટી.એસ.રાવ હોસ્પિટલ પહોંચ. આપણે તેમને મળી આવીએ.'

બીજો કોઈ વિચાર જ નહીં. રાકેશ તરત સફાળો ઉભો થઈ ને પોતાની પાકીટ અને એટીએમ કાર્ડ સાથે લઈને સીધો જ પોતાની કારમાં હોસ્પિટલ તરફ રવાનો થઈ ગયો. રસ્તામાં ઢગલાબંધ વિચાર આવતાં હતાં કે કાન્તિકાકાની તબિયત કેમ હશે ?ઘણુ તો નહીં વાગ્યું હોયને ?..

આજે તેને પોતાના જૂનાં દિવસો યાદ આવતાં હતાં કે જ્યારે તેનાં બા બીમાર હતાં ત્યારે કાન્તિકાકા તેને ખૂબ મદદરૂપ બન્યા હતાં. તો આજે તેનું એ ઋણ ચૂકવવાનો દિવસ આવ્યો છે. રાકેશ હોસ્પીટલમાં જઈ સીધો રૂમ નંબર બાવીસમાં પથારી પર સૂતેલાં કાન્તિકાકાને મળ્યો. તેમનાં હાલચાલ પૂછ્યાં અને તેમનાં ઘરવાળાઓને પણ મળ્યો.

ઘરનાં તમામ લોકો સાથે વાતચીત કરી. કાન્તિકાકાનું દવાખાનાનું બીલ અને દવાનો ખર્ચ તેમની પહોંચ કરતાં ઘણો વધારે હતો. આજે તેમને રૂપિયાની ખૂબ જરૂર હતી. પરિસ્થિતિ જોઈને તેનો રાકેશને બરાબર ખ્યાલ આવી ગયો હતો.

હવે તો રાકેશ આર્થિક રીતે એકદમ બરાબર હતો તેથી તેણે બીલ વિશે કાન્તિકાકાના પરિવારજનોને પૂછ્યું. સૌને એક જ વાત સતાવતી હતી કે હજુ બીલ આવ્યું નહોતું. પરંતુ બહુ મોટુ બીલ આવશે તો કેમ ભરપાઈ કરાશે ? ઘરમા પણ જે કંઈ રૂપિયા હતાં એ બધા તો અત્યાર સુધી દવામાં વપરાઈ ગયાં. હવે બાકીના રૂપિયાની વ્યવસ્થા કેવી રીતે થશે ?

© JOBLESS YUVA

રાકેશે કહ્યું, 'કાકી, તમે જરાય ચિંતા ન કરો. હું તમારી સાથે જ છું. જ્યારે પણ કોઈ વસ્તુની જરૂર પડે તો મને જાણ કરજો.'

રાકેશે કાન્તિકાકાના પરિવારને સાંત્વના પાઠવી પછી એ જ સમયે તે કેશ કાઉન્ટર પર ગયો. ત્યાં રૂમ નંબર બાવીસના પેશન્ટની ભરતી થયાં ત્યારથી કરીને અત્યાર સુધી બીલની જે રકમ હતી તેનુ લિસ્ટ કઢાવ્યું. અત્યાર સુધીનું કુલ ત્રીસ હજાર રૂપિયાનું બીલ બાકી હતુ.

રાકેશ તરત જ હોસ્પિટલની બહાર જઈ ATM કાર્ડ દ્વારા વીસ હજાર રૂપિયા ઉપાડી આવ્યો અને બીજા દસ હજાર રૂપિયા પોતે ઘરેથી સાથે લાવ્યો હતો તે બને મળાવીને ત્રીસ હજાર રૂપિયા ભેગા કરી, કાન્તિકાકાની નાનકડી દીકરીને એ તમામ રૂપિયા બીલની રકમ ભરપાઈ કરવા માટે આપ્યાં અને કહ્યું, 'બેન, કાકાની બીલની રકમ ભરપાઈ કરવા માટે હું વ્યવસ્થા કરી લાવ્યો છું.

નાણાની તો ખૂબ જરૂર હતી પરંતું તેમનાં પરિવારજનો ખૂબ ખંચકાટ અનુભવતા હતાં કે બહુ ઓળખાણ નહીં વ્યક્તિ સાથે ને આટલી મોટી રકમ કેવી રીતે લેવી એક સાથે! રાકેશે બહુ આગ્રહ કર્યો અને કાન્તિકાકાને અને તેમની પત્નીને વાત કરી, 'હું તમારા દિકરા સમાન છું, કાન્તિકાકા મને મારી બા બીમાર હતાં ત્યારે ખૂબ મદદરૂપ બન્યાં, તો મારે આજે કટોકટીના સમયે તેમને અને તેમનાં પરિવારજનોને મદદ કરી રૂણ અદા કરવું જ જોઈએ.'

કાન્તિકાકાને ભરતી કર્યા એ દિવસથી કરીને તેમને જે દિવસે રજા આપી એ દિવસ સુધી રાકેશ પોતાની નોકરીમાંથી છૂટી લઈને સતત કાન્તિકાકાની સારવાર માટે દવાખાને હાજર ને હાજર જ રહ્યો જ્યારે પણ કોઈ પણ વસ્તુની કે દવાની જરૂર પડે તે તમામ વ્યવસ્થા કરાવી આપતો. અંતે જ્યારે સાતમા દિવસે કાન્તિકાકાને હોસ્પિટલમાંથી રજા આપી એ દિવસે પણ પોતાની ફોર વ્હીલર ગાડીમાં કાન્તિકાકાને તેમનાં ઘરે પહોંચાડીને તેમને પગે લાગી પછી ઘરે જવા માટે પરવાનગી માંગી.

કાન્તિકાકાની આંખો ભીની થઈ ગઈ આંખોમાં વહી જતા અશ્રુ સાથે રાકેશને ભેટી પડ્યા અને કહ્યું. 'દિકરા તે મારી સગા બાપની જેમ સારવાર કરાવી છે. તારું આ રૂણ હું કોઈ દિવસ નહીં ભૂલી શકુ. આજે મને બરાબર સમજાઈ ગયુ કે તમે જીવનમા કોઈને ઉપયોગી બનો તો કુદરત તેનો વળતો જવાબ તારા જેવા કોઈ ફરિશ્તા દ્વારા મુશ્કેલીના સમયમાં જરૂર આપે છે.'

કાન્તિકાકાને ફરી પગે લાગી આંખનાં બન્ને ખૂણામાં ભીનાશ સાથે રાકેશ પોતાના ઘરે જવા માટે નીકળ્યો.

© JOBLESS YUVA

ખજાનો

અંક: ૦૨. ફેબ્રુઆરી, ૨૦૧૮

ટ્રેઝર હન્ટ



વેલકમ

'ટીમ ખજાનો' દ્વારા એક આવકારદાયક પગલું ભરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય નવાં, ઉગતાં લેખકોને એક મંચ પૂરો પાડવાનો છે. આ વખતે નિલેશભાઈની કવિતાને અહીં સ્થાન મળ્યું છે. અનેક કૃતિઓ આવી, હરીફાઈ કટ્ટર હતી, છેવટે આ કવિતા બાજી મારી ગઈ. કવિતાનં શીર્ષક છે 'ખોટં છે !'

ખોટું છે !

મહેલ છે, માવતર નથી,
સરનામું આ ખોટું છે.

દેવાને હવે ટુકડો નથી,
ભર્યાં છે ગોદામો, આ ખોટું છે.

દુઃખડા જેણે ગણ્યા નથી,
છે એ જ દુઃખી, આ ખોટું છે.

ભીની પથારી કોસી નથી,
પથારી એની જ ફરે, આ ખોટું છે.

છોડ સીંચને દિન-રાત જોયા નથી,
બાગ કહે આ માળી નથી, આ ખોટું છે.

લોહીનું ટીપે ટીપું ચડાવી, સેહત પોતાની જોઈ નથી,
લોહીના સંબંધો આ કરાવે લોહી ઉકાળા, આ ખોટું છે !

નિલેશ બગથરીયા 'નીલ'



ખજાનો મેગેઝીનનો આ અંક આપને કેવો લાગ્યો ?
અમો આપના પ્રતિભાવો જાણવા આતુર છીએ !
તો લખી મોકલો અમને
khajano.gujaratimagazine@gmail.com પર.
બેસ્ટ પ્રતિભાવોને અમે મેગેઝીનમાં જે-તે
વાચકના નામ સાથે મૂકીશું.
અને હા, આ અંક તમને ગમ્યો હોય, તો દોસ્તો સાથે
શેર કરવાનું ન ભૂલતા હોં !
ચાલો ત્યારે, મળ્યા આગલા અંકમાં !!

'ટીમ ખજાનો'

આ મેગેઝીનના કોઈ પણ ભાગની અનધિકૃત નકલ કરનાર વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

'ટીમ ખજાનો'

સંપર્ક:

khajano.gujaratimagazine@gmail.com

મોબાઈલ: 7487963610

8469141479